




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૬-૧૦-૨૦૨૪ શનિવાર


# અવધ ટાઇમ્સ


ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,








તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ આસો વદ ૧૦ વર્ષ : ૨૮ અંક ૩૭૧


## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું આગામી ૨૮મીએ અમરેલીમાં આગમન થનાર છે ત્યારે

# શ્રી મોદી ૪૮૦૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ, ખાતમુર્હુત કરશે

### ૭૦૫ કરોડના ખર્ચે પાણી પુરવઠાના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરાશે

### અમરેલી જિલ્લામાં ગાગડીયો નદી પર વડાપ્રધાન શ્રી મોદી ભારત માતા સરોવરનું લોકર્પણ કરશે

### નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ૨૮૦૦ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુર્હુત

### ૧૦૯૪ કરોડના ખર્ચે શ્રી મોદીના હસ્તે ભુજ, નલીયા ગેજ કનવર્ઝન પ્રોજેકટનું પણ લોકાર્પણ



અમરેલી,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૨૮ ઓકટોબરના રોજ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. તેમના આગામી ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ અમરેલી ખાતે ૪૮૦૦ કરોડથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરશે જેમાં અમરેલી, જામનગર, મોરબી, દેવભુમિદ્વારકા, જુનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ ૧૬૦૦ જેટલા વિકાસ કાર્યોનો સમાવેશ થયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરશે. તેઓ અમરેલી જિલ્લાની ગાગડીયો નદી પર ૩૫ કરોડના ખર્ચે નિર્મિત ભારત માતા સરોવરનું લોકાર્પણ કરશે આ સાથે તેઓ જળસંચય વિભાગ હેઠળ રૂા. ૨૦ કરોડના પીટ રિચાર્જ, બોર રિચાર્જ અને કુવા રિચાર્જના એક હજાર કામોનું ખાતમુર્હુત અને ૫૯૦ કામોનું લોકાર્પણ કરશે. તેમજ વડાપ્રધાનશ્રી મોદી ૨૮૦૦ કરોડથી વધુના નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ)ના વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરશે. વધુમાં રૂા. ૧૦૯૪ કરોડના ખર્ચે રેલ્વે વિભાગ હેઠળ ભુજ નલીયા ગેજ કનવર્ઝન પ્રોજેકટનું પણ લોકાર્પણ કરશે. ૨૮મીએ ભુજ નલીયા ગેજ કનવર્ઝન પ્રોજેકટ દેશને સમર્પિત કરશે. ૧૦૯૪ કરોડના ખર્ચે પ્રોજેકટ પુર્ણ કરવામાં આવ્યો છે. આ સેકશનમાં ૨૪ મેજર અને ૨૫૪ માઈનર બ્રિજ સામેલ છે. તેમાં ત્રણ રોડ ઓવર બ્રિજ અને ૩૦ રોડ અંડર બ્રિજનો પણ આ પ્રોજેકટમાં સમાવેશ થાય છે. આ પ્રોજેકટ ખુબ જ ફાયદાકારક છે. જે રાજયના કચ્છ જિલ્લાના સામાજિક આર્થિક વિકાસને વેગ આપશે. આ સાથે જ વડાપ્રધાનશ્રી મોદી પ્રવાસન સંબંધિત ૨૦૦ કરોડના વિકાસ કામોનું ખાતમુર્હુત પણ કરશે. જે હેઠળ પોરબંદર જિલ્લાના મોકરસગાર ખાતે કર્લી રિચાર્જ જળાશયનો વિશ્વસ્તરીય સસ્ટેનેબલ ઈકો ટુરિઝમ તરીકે વિકાસ કરવામાં આવશે. આમ વડાપ્રધાનશ્રી મોદી આગામી દિવાળી અને ગુજરાતી નવા વર્ષ પહેલા ગુજરાતના નાગરિકો માટે કરોડના વિકાસ કામોની ભેટ લઈને આવશે.












### અમરેલી જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના કાર્યક્રમો માટે ૧૭૦ એસટી બસો ફાળવાઇ

#### અમરેલી ડિવીઝન હેઠળના તમામ ડેપોમાંથી એસટી બસોની ફાળવણી કરવામાં આવી

અમરેલી,

અમરેલી જિલ્લામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમ માટે અમરેલી એસટી ડિવીઝન દ્વારા એસટી બસોની ફાળવણી કરવામાં આવી છે.

જેમાં અમરેલી ડેપોની ૪૫ બસો, બગસરા ડેપોની ૨૩, રાજુલા ડેપોમાંથી ૧૩, સાવરકુંડલા ડેપોમાંથી ૩૭, ધારી ડેપોમાંથી ૧૭, ઉના ડેપોમાંથી ૨૦, કોડિનાર ડેપોમાંથી ૧૫ એસટી બસોની ફાળવણી કરવામાં આવી છે. અમરેલી ડિવીઝન હેઠળના તમામ ડેપોમાંથી કુલ ૧૭૦ એસટી બસો ફાળવવામાં આવતાં ગ્રામિણ વિસ્તારોના કેટલાય રૂટો કાપવામાં આવ્યા છે.











૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

૭૦,૫૦૦/- (૧૦ ગ્રામ)

રહેલ તા.૨૪-૧૦-૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧






### દિવાળી, નુતન વર્ષનાં તહેવારોમાં સ્થાનિક વેપારીઓને સહયોગ મળી રહે તે માટે

# અમરેલીમાં વોકલ ફોર લોકલનાં સુત્રને સાર્થક કરતા શ્રી વેકરીયા

**વર્તમાન ઓનલાઇનનાં યુગમાં સ્થાનિક વેપારને પ્રોત્સાહિત કરવા ગુજરાત વિધાનસભામાં નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરીયા બજારમાં નિકળ્યાં**

**શ્રી કૌશિકભાઇ વેકરીયાએ અમરેલીની બજારમાં પોતાની ટીમ સાથે ખરીદી કરી લોકોને પણ સ્થાનિક વેપારીઓ પાસે ખરીદી કરવા માટે અનુરોધ કર્યો**





અમરેલી,

હાલ ઓનલાઇન ખરીદીનો લોકોમાં ક્રેઝ છે. પરિણામે સ્થાનિક નાના વેપારીઓ આર્થિક રીતે પરેશાન થાય છે. તેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનાં સુત્રવોકલફોર લોકલને સાર્થક કરવા માટે દિવાળી, નુતનવર્ષ, ભાઇબીજનાં તહેવારોમાં ઓનલાઇનનાં બદલે સ્થાનિક વેપારીઓ પાસેથી ચિજવસ્તુઓ સહિતની ખરીદી થાય.

તેથી વોકલ ફોર લોકલનાં સુત્રને ખરા અર્થમાં સાર્થક કરવા માટે આજે ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્યદંડક શ્રી શ્રી કૌશિકભાઇ વેકરીયા પોતાની ટીમ સાથે અમરેલીની બજારમાં ખરીદી માટે નિકળ્યાં હતાં અને સ્થાનિક વેપારીઓ પાસેથી ચિજવસ્તુઓની ખરીદી કરી અન્ય લોકોને પણ સ્થાનિક વ્યાપારને પ્રોત્સાહન અને રોજગારી મળે તે માટે લોકલ ખરીદી કરવા અનુરોધ કર્યો હતો. શ્રી કૌશિકભાઇ વેકરીયાનાં આ પ્રયાસોને વેપારીઓએ પણ બિરદાવ્યાં હતાં. શ્રી કૌશિક વેકરીયા સાથે રાજુભાઇ ધાનાણી, પરેશભાઇ આચાર્ય, શિતલ આઇસ્ક્રિમવાળા દિનેશભાઇ ભુવા, ભાવેશ સોઢા, હરિભાઇ કાબરીયા, વિરલ પરીખ, જીગીશુ મહેતા, સંજય રામાણી સહિત આગેવાનો જોડાયાં હતાં.

---

### ધારીમાં મોટી હોસ્પિટલને સોનોગ્રાફી બંધ કરાવાઇ : ડીએચઓને રિપોર્ટ કરાયો

# ગેરકાયદેસર સોનોગ્રાફી સામે અમરેલી પીએનડીટી કમિટીનાં ચેરમેન ડો. ગજેરા દ્વારા ધારીમાં ચકાસણી

**ગેરકાયદેસર થતા ગર્ભ પરીક્ષણ રોકવા માટે ડો. જી. જે. ગજેરા, તાલુકા હેલ્થ ઓફિસર ડો. મકવાણાની ટીમ દ્વારા ધારીમાં હોસ્પિટલોની ચકાસણી કરાઇ**

અમરેલી,

ધારીમાં પીએનડીટી કમિટીનાં ચેરમેન ડો.ગજેરા ટીમ સાથે ત્રાટક્યાં હતાં અને ચકાસણી દરમિયાન ધારીની એક મોટી હોસ્પિટલમાં સોનોગ્રાફી દરમિયાન ક્ષતી ઝડપાઇ હતી. જેના કારણે ધારીમાં મોટી હોસ્પિટલને સોનોગ્રાફી બંધ કરાવાઇ હતી અને તેમા મળેલી ક્ષતી અંગે ડીએચઓને રિપોર્ટ કરાયો છે.

ગેરકાયદેસર થતા ગર્ભ પરીક્ષણ રોકવા માટે ડો.ગજેરા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.મકવાણાની ટીમ દ્વારા ધારીમાં હોસ્પિટલોની ચકાસણી કરાઇ હતી. પીએનડીટી કમિટીની આગામી બેઠકમાં આ ક્ષતી માટે કમિટી દ્વારા હોસ્પિટલ સામે વધુ પગલા લેવાશે અને જિલ્લામાં આ મામલે બેદરકારી દાખવનાર કે ભુલ કરનાર સામે ઝુંબેશ શરૂ રહેનાર હોવાનું જાણવા મળેલ છે.

---

# અમરેલી માર્કેટયાર્ડ તા. ૨૯ થી ૫ સુધી બંધ રહેશે

**માર્કેટયાર્ડનું તમામ કામકાજ તહેવારોને કારણે બંધ : ૫મીએ માર્કેટયાર્ડ શરૂ થશે**

અમરેલી,

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલી આગામી દિવાળો પર્વ નિમિતે તા.૨૯/૧૦/૨૦૨૪ ને મંગળવાર થી તા.૦૫/૧૧/૨૦૨૪ ને મંગળવાર સુધી રજા જાહેર કરવામાં આવે છે.

જે સમય દરમ્યાન અમરેલી માર્કેટયાર્ડનું તમામ કામકાજ બંધ રહેશે. તા.૦૬/૧૧/૨૦૨૪ ને બુધવાર (લાભ પાંચમ) થી અમરેલી માર્કેટયાર્ડનું કામકાજ રાબેતા મુજબ શરૂ થશે તેમજ લાલ સુકા મરચાની પણ હરરાજી શરૂ કરવામાં આવશે. તેથી જણસીઓની આવકને તા.૦૫/૧૧/૨૦૨૪ ને મંગળવારના રોજ પ્રવેશ મળશે જેની દરેક લાગતા વળગતાઓએ નોંધ લેવા બજાર સમિતિના સેક્રેટરીશ્રી તુષાર હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ છે.

---

# અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજના હોદેદારોની વરણી

**કાઠી ક્ષત્રિય સમાજની બેઠકમાં લેવાયેલો નિર્ણય : નવા હોદેદારોની વરણીને આવકાર**


અમરેલી,

અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા કાઠી સમાજ સંગઠન માંહોદેદારોની ૨૪-૧૦તથા ૨૫/૧૦ના રોજ હોદેદારોની નિમણૂક કરવામાં આવેલ હતી જેમાં પૃથ્વીરાજભાઈ જોરુભાઈ ખુમાણ(રાષ્ટ્રીય) ઉપ પ્રમુખ શ્રી મું.ગુજરિયા તા. ભેંસાણ જી.જૂનાગઢ મો.૯૪૦૮૫ ૦૦૯૦૦,રવુભાઈ આપાભાઈ ખુમાણ (રાષ્ટ્રીય) મહામંત્રી શ્રીમું.રાજુલા જી.અમરેલી મો.૯૪૨૬ ૬૩૫૦૧૩,રામભાઈ મોકાભાઈ કરપડા (રાષ્ટ્રીય)મંત્રીશ્રીમું.મૂળીજી.સુરેન્દ્રનગર મો.૯૮૨૫૦ ૮૮૫૧૧,મહાવીરભાઈ રાવતભાઈ વાળા-રાષ્ટ્રીયખજાનચી તરીકે નિમણૂક કરેલ છેમું.ભંગડા તા.જસદણ જી.રાજકોટ મો.૯૪૨૬૪૪૯૯૯૯, પ્રદીપભાઈ જીવાભાઈ ખાચર (ગુજરાત) પ્રમુખ શ્રીમું. ચોટીલાજી. સુરેન્દ્રનગરમો. ૯૮૨૫૩ ૮૪૧૪૬, કિશોરભાઈ હરેશભાઈ ખાચર (ગુજરાત) ઉપપ્રમુખ શ્રીમું. ગઢડાતા,જી બોટાદમો. ૯૪૨૭૨ ૮૭૪૪૪, સુરેશભાઈ દેવકુભાઈ વિકમાં(ગુજરાત) મહામંત્રી શ્રી મું.રૂપાવટીજી.જૂનાગઢ મો.૯૮૭૯૮ ૮૧૯૧૩,અશ્વિનભાઈ અનકભાઈ ખુમાણ (ગુજરાત) મંત્રી શ્રી મું. વડ તા. રાજુલા.જી અમરેલી મો.૯૪૦૯૫ ૮૮૮૮૮,મજબુતભાઈ જીલુભાઈ બસિયા ગુજરાત પ્રદેશ ખજાનચી તરીકે નિમણૂક કરેલ છેમું.અમરેલી તા,જી. અમરેલીમો.૯૯૨૫૦૮૬૭૫૩,પ્રમુખ શ્રી દ્વારા નિમણૂક પત્ર આપેલ હતો જેમાં હોદ્દેદાર શ્રીઓ આપવામાં આવેલ નિમણુકઅનેવિશ્વાસપરઆપખરાઉતરી સતત સમાજ હિતમાં અગ્રેસર રહી સમાજને નવી ઊંચાઈએ પહોચાડવામાં આપ અવિરત સક્રિય રહેશો તેવી અપેક્ષા સાથે શુભેચ્છાઓ પણ પાઠવેલ હતી.ગઈ કાલે ના હોદેદારો ની નિમણૂક બાદ સમગ્ર કાઠીસમાજદ્વારાનિમણૂકપામેલાહોદેદારો ને શુભેચ્છાઓ પાઠવતા સંદેશા સોસીયલ મીડિયા માં ખૂબ વાયરલ થયેલા હતા તથા સમગ્ર ગુજરાત ભર માંથી લોકો એ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ હતી.અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ ,પ્રમુખ શ્રી મુન્નાભાઈ વીંછિયા દ્વારા નિમણૂક આપવામાં આવેલ હતી તથા અખીલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ પ્રવક્તા ગજેન્દ્રભાઈ શેખવાદ્વારાઘોષણા કરવામાં આવેલ હતી.તથા આગામી સમય માં સમગ્ર જિલ્લા તાલુકા માં નવા હોદેદારો ની નિમણૂક કરવામાં આવશે તથા ગામડા થી લઈ જિલ્લા સુધી જવાદારીઓ આપવમાં આવશે તેવું રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જણાવેલ હતું.

---

# અમરેલીમાં બીએપીએસ દ્વારા એક હજારથી વધુ શુધ્ધ શાકાહારી વાનગીનીઓનો અન્નકોટ ધરાવાશે

**સ્વામીનારાયણ મંદિર અમરેલી દ્વારા તહેવારો નિમિતે થયેલું અન્નકોટનું આયોજન**



અમરેલી,

અમરેલી મુકામે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતેભગવાનશ્રીસ્વામિનારાયણની કૃપાથી અને પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અને પ.પૂ.મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી ભારતીય હિન્દુ પરંપરા અનુસાર ૧૦૦૦ કરતા વધુ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ઉત્સવ આગામી તા.૦૨ નવેમ્બર, ૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૮:૦૦થી સાંજના સુધી યોજાશે.

આ મહાઅન્નકૂટ ઉત્સવમાં ભગવાનશ્રીસ્વામિનારાયણ, ભગવાનશ્રી સિતારામ, ભગવાનશ્રી રાધાકૃષ્ણ , ભગવાનશ્રી લક્ષ્મીનારાયણ , ભગવાનશ્રી શિવ પાર્વતીજી, શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી તથા સમગ્ર ગુરૂપરંપરા સમક્ષ મહાઅન્નકૂટ ધરાવી, ભકતો વિશેષ ભકિત અદા કરશે. અન્નકૂટ ઉત્સવના દિવસે સવારે ૮ ૬૦૦થી સાંજે ૫:૦૦ સુધી દર બે કલાકે અન્નકૂટ આરતી યોજાશે, તમામ ભક્તજનો લાભ લઈ શકશે.

અન્નકૂટ ઉત્સવની પૂર્વ સંધ્યા એટલે કે દિપોત્સવના પાવન પર્વે તા.૩૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ દરમ્યાન અમરેલી શહેરના વેપારીઓ ઠાકોરજી સમક્ષ ચોપડાપૂજન વીધિમાં જોડાશે. જેમાં અમરેલી શહેરના તમામ વેપારીઓને ચોપડા પૂજન વીધિમાં જોડાવવા માટેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે.

આ મહાઅન્નકૂટ ઉત્સવમાં જુદા સેવાના ૩૦ વિભાગોમાં ૫૫૧થી વધુ આબાલ-વૃધ્થ સ્વયંસેવકો પોતાની સેવા આપશે. અન્નકૂટ ઉત્સવને અનુલક્ષીને સમગ્ર મંદિર પરિસરને સુશોભિત કરવામાં આવશે. આ અન્નકૂટ ઉત્સવ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સંત નિર્દેશક પૂ.સાધુચરિત સ્વામી, પૂ.વિનયજીવન સ્વામી, પૂ.દિવ્યસેતુ સ્વામી તથા પૂ.યોગવીરસ્વામીના માર્ગદર્શન નીચે તમામ હરિભકતો સેવામાં જોડાશે.

વિશેષમાં, આ અન્નકૂટ પૂર્ણ થયેથી અન્નકૂટનો પ્રથમ પ્રસાદ અમરેલી શહેરની જુદી સામાજીક સંસ્થાઓ દ્વારા આ પ્રસાદ અમરેલી તથા આજુબાજુના જરૂરીયાતમંદોને પહોંચાડશે. આ મહાઅન્નકૂટ ઉત્સવના દર્શન કરવા માટે અમરેલી શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી ધર્મપ્રેમી જનતાએ પધારવા માટે ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું છે.

**મહા અન્નકૂટ ઉત્સવની વિશેષતાઓ**

૨ ભક્ષ્ય, ભોજય, લેહ્ય, ચોષ્ય એમ ચારેય વિભાગની કુલ ૧૦૦૦ વાનગીઓ. જેમાં, ૨૫૧ મીઠાઈ, ૨૦૧ શાક, ૧૫૧ ફરસાણ, ૧૦૧ જયુસ/શરબત, ૧૦૧ બેકરીની આઈટમ, ૫૧ અથાણા, ૫૧ મુખવાસ, ૨૫ પ્રકારની દાળ, ૨૫ પ્રકારના ભાત, ભાખરી/ રોટલા/રોટલી/ થેપલા/ પરોઠા/ ઢેબરા તથા ડેઝર્ટની અનેકવિધ વાનગીઓ ધરાવવામાં આવશે.

હિન્દુપરંપરાગતશૈલીપ્રમાણે અન્નકૂટ રચવામાં આવશે. પ્રથમ ગોળાકારમાં ’સખડી’ એટલે કે મિષ્ટાનો ગોઠવાશે. દ્વિતિય ગોળાકારમાં ’અનસખડી’ એટલે કે દાળ, કઠોળ વગેરે ગોઠવાશે. મધ્યમાં રાંધેલા ચોખાનો ’ગોવર્ધનપર્વત’ રચાશે. સેવાના જુદા જુદા ૩૦ વિભાગોમાં ૫૫૧થી વધારે સ્વયં સેવકો ૧૦ દિવસ સેવામાં જોડાશે. ૧૦,૦૦૦ થી વધુ દર્શનાર્થીઓ શાંતિપૂર્વક દર્શન કરી શકે તે માટેનું શિસ્તબધ્ધ આયોજન દર બે કલાકે મહા આરતી થશે. જેમાં શહેર શ્રોષ્ઠીઓની સાથે હરિભકતો જોડાશે. અન્નકૂટ ઉત્સવનો પ્રથમ પ્રસાદ અમરેલી શહેરની ૧૨ જેટલી સામાજીક સંસ્થાઓ મારફત જરૂરીયાતમંદો સુધી પહોંચાડવામાં આવશે.

---

# ગુરુ પુષ્યનક્ષત્ર નિમિત્તે સોના-ચાંદીનાં ભાવમાં ગત વર્ષ કરતા ૪૦ ટકા જેટલો ભારે ઘટાડો થયો

(જી.એન.એસ)

દિવાળી પહેલા સોના અને ચાંદીના ભાવમાં થયેલા ભડકાની અસર ગુરુ પુષ્ય નક્ષત્ર નિમિત્તે થતી ખરીદી પર જોવા મળી છે.આજે વડોદરામાં સોના ચાંદીની ખરીદીમાં ગત વર્ષ કરતા ૪૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.ગત વર્ષે દિવાળી પહેલા ગુરુ પુષ્ય નક્ષત્રમાં ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૬૩૦૦૦ રુપિયાની આસપાસ હતો અને આજે સોનાનો ૧૦ ગ્રામનો ભાવ ૮૧૩૦૦ રુપિયા હતો.જ્યારે એક કિલો ચાંદીનો ભાવ એક લાખ રુપિયા હતો.જેની સીધી અસર આજે ખરીદી પર થઈ હતી.

---

### સિઝનની નવી ખેત જણસો તૈયાર થઇ જતા

# રાજુલા માર્કેટયાર્ડમાં ૧૨ હજાર મણ નવા કપાસની આવક થઇ

**યાર્ડમાં રૂા.૧૨૫૦ થી ૧૬૦૧ નો ભાવ બોલાયો : માર્કેટયાર્ડમાં ખેડુતો, વેપારીઓનો ધમધમાટ વધ્યો**



રાજુલા, (કનુભાઇ વરૂ)

રાજુલા માર્કેટિંગ યાર્ડમાં આજેવહેલીસવારથીતેસાંજના૦૬:૦૦ વાગ્યા સુધી કપાસની આવક બાર મણ ઉપર થઈ છે બીજી તરફ દિવાળીનો તહેવાર નજીક આવતો હોય વરસાદ બંધ થયો હોય ખેડૂતોના ઘરમાં પૈસા નથી પાછા તહેવારો નજીક આવતા હોવાથી આજે હજુ કપાસની આવક ૧૨૦૦૦ મણ થઈ છતાં આવક શરૂ છે ત્યારે આજે કપાસનો ભાવ ૧૨૫૦થી ૧૬૦૧ રૂપિયા સુધીની ખરીદી વેપારીઓએ અને જણાવ્યા મુજબ તહેવારોમાં ખેડૂત હેરાન ન થાય તે માટે મોડી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી કપાસની હરાજીશરૂ રાખવામાં આવશે આમ સિઝનમાં ન હોય તેટલો કપાસ ને આવક શરૂ થઈ છેઆ અંગે ખેડૂતો રાત્રિના હેરાન ન થાય તે માટે વેપારીઓએ પણ રાત્રે સુધી રાજી શરૂ રાખવાનો અને સંઘ યાર્ડ પણ શરૂ નિર્ણય કર્યો છે વેપારીઓ શ્રી હુસેનભાઈ રેમનભાઈ અમુલ ઠક્કર કોટનકોટન રાધેકૃષ્ણ કોટન પરિવાર કોટન તથા કૈલાશ કોટન ભાગ્યલક્ષ્મી કોટન વગેરે માલ ખરીદ્યો હતો આ ઉપરાંત ખરીદ વેચાણ સંઘ તરફથી કાંતિભાઈ સાવલિયા માર્કેટિંગ યાર્ડ તરફથીતથા રાજેશભાઈ કાકડિયા વ્યવસ્થામાં હતા અને વજન કાંટામાં લાઈન લાગી હતી તે પણ વજન કાંટા શ્રી અરવિંદ કાકડીયાએ વ્યવસ્થિત વજન કાંટા ની લાઈનો ગોઠવી વારા પ્રમાણે વારો લીધો હતો.

---

**મહેસાણાના ખેરાલુમાંથી શેરબજારમાં વધુ વળતર આપવાની લાલચ અપાતીને ૬.૪૦ લાખ પડાવ્યા**

---


**॥ બજરંગ સ્ટીલ ॥**
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt જેવા કે ફેન્ડ્સ સ્ટીલ કામધેનુ K-2 લોખંડ (સળીયા), ટાટા સિમેન્ટ, બાઇન્ડીંગ વાયર કવરીંગ, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વિગેરે વ્યાજબી ભાવથી મળશે
ગ્રાહકો નો સંતોષ એ જ અમારો નફો
સ્થળ : લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઇ વી.ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

મો. ૯૮૭૯૦ ૧૬૯૭૧
મો. ૯૯૨૫૬ ૧૩૧૮૩
**ઉધઈ** થી બચો
પ્રવિણભાઈ
ઘર, દુકાન, ઓફિસ ઉધઈ પેસ્ટ કન્ટ્રોલ ગેરંટીથી કરી આપશું.
લાઈબ્રેરી રોડ, કિસાન પરા, રાજકોટ
૧૨ વર્ષની ગેરંટી

**શાસ્ત્રી શ્રી અક્ષયભાઇ જોષી**
મો.૮૭૫૮૭ ૩૩૨૦૯
ધનતેરસ
ધનતેરસના દિવસે દિવ્ય શ્રી ચંત્ર પુજન તથા કોઇ યજમાને શાસ્ત્રોક્ત વિધી થયેલ ઘરમાં દિવ્ય શ્રી ચંત્ર પધરાવવુ હોય તો અગાઉ માહિતી આપવી
આ શ્રી ચંત્ર ધનતેરસના દિવસે જ સિધ્ધ કરવામાં આવશે


FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
**મિતુલ ટ્રેડર્સ** નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૭ થી ૩૧ ઓક્ટોબર દરમિયાન

# રાજકોટમાં દિપાવલી ઉત્સવનું શ્રી રૂપાલાનાં હસ્તે ઉદઘાટન

### શહેરનાં આરએમસી પ્લોટ અંડર બ્રીજ કીસાનપરા ચોક રેસકોર્ષ ખાતે ભવ્ય ઉત્સવ : એન્ટ્રી ગેઇટ આકર્ષક થીમ બેઇઝ લાઇટીંગ ડેકોરેશન : લેસર શો

### મેયર શ્રી નયનાબેન પીઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, જૈમિક ઠાકર, કમિશ્નર ડી.પી.દેસાઇ, લીલુભાઇ જાદવ, મનિષભાઇ રાડીયાની ઉપસ્થિતિ



અમરેલી,

રાજકોટ મહાનગર પાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનરશ્રી ડી.પી.દેસાઈ, શાસક પક્ષના નેતા શ્રી લીલુબેન જાદવ, દંડકશ્રી મનિષભાઈ રાડીયાઅને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી સુરેનદ્રસિંહ વાળાએ એક સંયુક્ત યાદીમાં જણાવેલ છે કે, રંગીલુ રાજકોટ તેના ઝડપી વિકાસની સાથોસાથ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પણ એટલું જ વિખ્યાત છે. જુદાજુદા પ્રસંગોએ યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોએ રાજકોટ શહેરને ખાસ ઓળખ પ્રદાન કરી છે. એમાં પણ જ્યારે દિવાળી જેવો સૌનો મનપસંદ એવો દિવ્ય તહેવાર આવે ત્યારે રાજકોટની રોનક દીપી ઉઠે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉના વર્ષોની માફક આ પણ વધુ એક વખત દિવાળીના તહેવારને યાદગાર બનાવવા અને નાગરિકોમાં આનંદ, ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર કરવા તા.૨૭/૧૦/૨૦૨૪ થી તા.૩૧/૧૦/૨૦૨૪ દરમ્યાન રેસકોર્સ રિંગ રોડ ખાતે રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં, એન્ટ્રી ગેઈટ, આકર્ષક થીમ બેઈઝ લાઈટીંગ ડેકોરેશન, ભવ્ય આતશબાજી, રંગોળી સ્પર્ધા, લેસર શો સહિતના વિશેષ આકર્ષણોનો રહેશે.

રંગીલું રાજકોટ દરેક અને અન્ય અવસરની ઉત્સાહપૂર્વક ઉજવણી માટે ખુબ જ જાણીતું છે. મકરસંક્રાંતિ, ધુળેટી, જન્માષ્ટમી, ગણપતિ ઉત્સવ, નવરાત્રિકે પછી દિવાળી જેવા આપણા મહાપર્વ હોય કે પછી સામાજિક કે સાંસ્કૃતિક પ્રસંગ હોય, રાજકોટવાસીઓનો તહેવારોની ઉજવણી પ્રત્યેનો પ્રેમ અને ઉત્સાહ ખરેખર નોંધપાત્ર બની રહે છે. આ જ કારણ રાજકોટને રંગીલું અને અન્ય શહેરો અલગ બનાવે છે, તેમ જણાવી રંગીલુરાજકોટ દિવાળી ઉત્સવ અનુસંધાને યોજાનાર કાર્યક્રમો અંગે વિસ્તૃત વિગતો આપતા તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, તા.૨૭/૧૦/૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૩૦ વાગ્યે આર.એમ.સી.પ્લોટ, આમ્રપાલી અન્ડરબ્રિજ પાસે, કિશાનપરા ચોક, રેસકોર્ષ ખાતે રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનો શુભારંભ રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાના વરદ હસ્તે ઉદ્દઘાટન કરાશે. રેસકોર્સ રિંગ રોડ ફરતે તા.૨૭/૧૦/૨૦૨૪ થી તા.૩૧/૧૦/૨૦૨૪ સુધી આકર્ષક એન્ટ્રી ગેઈટ, આકર્ષક થીમ બેઈઝ લાઈટિંગ ડેકોરેશન કરવામાં આવશે.

તા.૨૯/૧૦/૨૦૨૪ના રોજ રેસકોર્ષ રિંગ રોડ ખાતે રંગોળી સ્પર્ધા અંતર્ગત સ્પર્ધકો રંગોળી તૈયાર કરશે. શહેરીજનો સ્પર્ધકો દ્વારા તૈયાર કરવામાં આવેલ રંગોળી તા.૩૦/૧૦/૨૦૨૪ અને તા.૩૧/૧૦/૨૦૨૪ના રોજ સાંજે નિહાળી શકશે. તા.૨૭/૧૦/૨૦૨૪થી તા.૩૧/૧૦/૨૦૨૪ દરમ્યાન શો આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

તા.૩૦/૧૦/૨૦૨૪ના રોજ રાત્રે ૭:૦૦ કલાકે શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, રેસકોર્સ ખાતે ભવ્ય આતશબાજી યોજાશે. રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો તા.૨૭/૧૦/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૪ દરમ્યાન રાત્રે ૧૨:૦૦ કલાક સુધી રહેશે.

આ રંગીલુરાજકોટ દિવાળી ઉત્સવ અંતર્ગત આયોજીત વિવિધ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, શ્રીમતી નયનાબેન પેઢડીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, પોલીસ કમિશનર બ્રજેશકુમાર જીલ્લા કલેકટર પ્રભવ જોશી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, ડો.માધવ દવે, વિરેનૂદ્રસિંહ ઝાલા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેનૂદ્રસિંહ વાળા, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, અધિકારીઓ-કર્મચારીઓ, પ્રેસ મીડિયાના પ્રતિનિધિઓ તથા ચિત્રનગરીના જીતુભાઈ ગોટેચા અને તેની સમગ્ર ટીમ, જાણીતા લેખક જય વસાવડા, વગેરે ઉપસ્થિત રહેશે.

મહાનગરપાલિકા દ્વારા દિવાળીના તહેવારો અનુસંધાને યોજવામાં આવેલ રંગીલુરાજકોટ દિવાળી ઉત્સવના આ તમામ કાર્યક્રમોમાં ઉત્સાહભેર જોડાવા રાજકોટના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી જયમીનઠાકર, મ્યુનિસિપલ કમિશનરશ્રી ડી.પી.દેસાઈ, શાસક પક્ષના નેતા શ્રી લીલુબેન જાદવ, દંડક શ્રી મનીષભાઈ રાડિયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી સુરેનૂદ્રસિંહ નિમંત્રણ પાઠવે છે.

## માળીયા હાટીનાનાં લાઠોદ્રા ગામે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૮ પેટી ઝડપાઇ

### પોલીસે ૧,૦૩,૯૦૦નો મુદામાલ કબ્જે કર્યો

જુનાગઢ,(હિતેષ પારેખ)

માળીયા હાટીના પોલીસ સબ ઈન્સ.એસ.આઈ.સુમરા તથા પોલીસ સ્ટાફ સત્તત પ્રયત્નશીલ હોય અને નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન પો.કોન્સ.દિલાવરસિંહ વાલાભાઈ મોરીને બાતમીરાહે હકીકત મળેલ કે, ગામ તરફથી ઓટા રીક્ષા રજી નંબર GJ-૧૧-Z-૫૭૦૦ વાળીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને માળીયા હાટીના તરફ આવે છે તેવી ચોક્ક્સ હકિકત મળતા જે હકીકત વાળી જગ્યાએ વોંચ રહેતા GJ-૧૧-Z-૫૭૦૦ વાળી હોય જે ઉપરોકત હકીકત વાળીમાં આરોપીઓ સીંકદર ગુલામહુસેન અલવી, મનુભાઈ કેસુભાઈ ચારીયાએ ગે.કા. રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો ભરેલ પેટી નંગ-૬ તથા કલરના ઝબલા નંગ-૨ જેમાં કુલ નાની બોટલો નંગ-૩૮૪ જેની કિ.રૂ.૩૮,૪૦૦/- તથા ઓટોરીક્ષા જેના કિ.રૂ.૬૦,૦૦૦/-તથા મો.ફોન-૨ જેની કિ.રૂ. ૫૫૦૦/- મળી કુલ કિ.રૂ. ૧,૦૩,૯૦૦/- અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલો હોવાનુ જણાય આવતા તમામ મુદામાલ કબ્જે કરી માળીયા હાટીના પોલીસ સ્ટેશનમાં પ્રોહી એકટ કલમ ૬૫(એ),(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ છે. આ બનાવમાં પુનાભાઈ વાઘરી બાવલા ઉર્ફે મામો ઉર્ફે બાલુ દરબારને પકડી પાડવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

### અવસાન નોંધ

દામનગર

દામનગર નિવાસી સ્વ. અનંતરાય મણિશંકર (એન) જોષી 'ગોડસન' ના જયેષ્ઠ પુત્ર સ્વ. તુષારભાઈ અનંતરાય જોષી (લાલો) ઉ.વ. ૪૮ આસો વદ નોમ તારીખ ૨૫/૧૦/૨૪ ને શુક્રવાર ના રોજ કૈલાસ વાસી થયેલ છે. તેઓ ભીખુભાઈ, સ્વ.અતુલભાઈ, સ્વ.નિશીતભાઈ (હકાભાઈ) ગોડસન ના ભત્રીજા થાય. તેઓ પીયૂષભાઈ (બાવભાઈ), કપીલભાઈ, પીનાકભાઈ, પાર્થભાઈ, (મોરબી) ભૌતિકભાઈ (ભોલાભાઈ), મિલનભાઈ, રામભાઈ, જયભાઈ, કેવલભાઈ (વડોદરા) ના મોટાભાઈ થાય જયોતિબેન ભરતભાઈ ધરદેવ (ગોંડલ) કાજલબેન મિલાપભાઈ (કુવા) જોષી ના ભાઈ થાય કોમલબેન ધાર્મિકભાઈ ધરદેવ (ગોંડલ) વિધિબેન , તેમજ રીયાબેન ના પિતાશ્રી થાય. સ્વ.જગદીશભાઈ રામશંકરભાઈ કુવા (જામનગર) ના જમાઈ થાય સદ્દગતની ની સાદડી આસો વદ દશમ તા.૨૬/૧૦/૨૦૨૪ શનિવારે સાંજના ૩.૦૦ થી. ૬.૦૦ વાગે બ્રહમ સમાજની - દામનગર ખાતે રાખેલ છે.




ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી

પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ

બોનાન્ઝા બેન્કવેટ

કલાપી બેન્કવેટ

ગુલમહોર ફંકશન હોલ

લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન

તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.

સંપર્ક : પિનાકીન ચિત્તલીયા

મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩


## જુની બારપટોળી ગામનાં ખુન કેસમાં આરોપીને દબોચતા પીઆઇશ્રી વિજય કોલાદરા

# રાજુલામાં થયેલી હત્યા પુર્વ આયોજીત હતી : હત્યારાઓની ક્રાઇમ કુંડળી પણ મોટી નિકળી : પોલીસની કડક કાર્યવાહી

### ઝડપાયેલા આરોપીઓને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવાની કાર્યવાહી



અમરેલી,

અમરેલીજીલ્લાપોલીસઅધિક્ષક શ્રીહિમકરસિંહએઅમરેલીજીલ્લામાંનાસતા ફરતાઆરોપીઓતથાગુનાનાકામેપકડવાના બાકીઆરોપીઓનેસત્વરેપકડીપાડવાસુચના આપેલ હોય જે અન્વયે ગંભીર ગુન્હાઓ આચરીપોતાનીધરપકડટાળવામાટેનાસતા ફરતાઆરોપીઓનેપકડવાસારૂસાવરકુંડલા ડીવીઝનના ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી એ.જી.ગોહીલએ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. અને આ કામના ફરી. ના દીકરા મરણજનાર મનુભાઈ ઉર્ફે મામયો ઉ.વ. ૩૩ રહે,જામકા વાળાના મિત્ર આ કામના સાહેદ નાગભાઈ દદુભાઈ વણઝર વાળાને આ કામના આરોપી એકતાબેન હમીરભાઈ લાખણોત્રા રહે.બારપટોળી વાળી સાથે પ્રેમ સંબંધ હોય જેથી આ કામના આરોપી એકતાબેન તથા કનુભાઈ બાબુભાઈ લાખણોત્રા તથા નાગભાઈ વાસૂરભાઈ વાઘ તથા અન્ય પાંચ અજાણ્યા આરોપીઓએ પૂર્વ આયોજીત કાવતરૂ રચી આ કામના આરોપી એકતાબેને આ કામના સાહેદ પોતાના પ્રેમી નાગભાઈ દદુભાઈ વણઝરને જૂની બારપટોળી ગામે મળવા બોલાવતા આ કામના સાહેદ તથા મરણજનાર મિત્ર મનુભાઈ સાથે મો.સા. લઈને બારપટોળી ગામે આ કામના આરોપી એકતાબેનને મળવા આવતા રસ્તા વચ્ચે આરોપીઓએ રચેલ પૂર્વ આયોજીત કાવતરા મુજબ આ કામના બીજા આરોપી કનુભાઈ બાબુભાઈ તથા નાગભાઈ વાસૂર તથા અજાણ્યા પાંચ આરોપીઓએ ગે.કા.મંડળી રચી એક સંપ કરી લાકડી તથા લોખંડની પાઈપો વડે આ કામના સાહેદ તથા મરણજનારને માર મારેલ જેમાં આ કામના સાહેદ નાગભાઈ પોતાનો જીવ બચાવી નાસી ગયેલ અને આ કામના મરણજનાર મનુભાઈને શરીર ઉપર લાકડી તથા પાઈપ વડે માર મારી તેમજ માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નીપજાવી મહે. અધિક જીલ્લા મેજી.સા.ના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી નાસી ગયેલ. અને આ કામના આરોપીઓ નાસતા ફરતા હોય જેથી ગુન્હાના કામે આરોપીઓને પકડી પાડવા રાજુલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. શ્રી વી.એમ. કોલાદરાએ સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે આધારે રાજુલા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્ટાફના હેડ કોન્સ. મધુભાઈ નથુભાઈનાઓને ખાનગી રાહે ચોકકસ હકિકત મળેલ કે, હીડોરણા ગામ આગળ જુની કાતર જવાના હાઈવે રોડ ઉપરથી આ કામના આરોપીઓ એક વાહન લઈ નીકળવાની ફીરાકમાં છે જેથી મળેલ હકિકત આધારે વી.એમ.કોલાદરા પોલીસ ઈન્સ. સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફની ટીમ વોચમા હતા તે દરમ્યાન આ કામના આરોપીઓને પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવી હતી. જેમાં કનુભાઈ બાબુભાઈ લાખણોત્રા, નાગભાઈ વાજસુરભાઈ વાઘ, વિપુલભાઈ મેરાભાઈ કસોટીયા ,જયદીપભાઈ કાળુભાઈ ચૌહાણ, કાળુભાઈ મંગાભાઈ મેરને ઝડપી લઈ ગુનાના કામે વપરાયેલ હથિયારો ફોરવ્હીલ, મોબાઈલ મળી કુલ રૂા.૪,૧૯,૭૦૫નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ ગુનામાં પકડાયેલ આરોપી કનુ બાબુભાઈ લાણખોત્રા વિરૂધ્ધ હત્યાની કોશિષ, એટ્રોસિટી તેમજ પાસાની સજા ભોગવેલ હોવાના ૧૨ ગુનાઓ રાજુલા પોલીસ સ્ટેશનમાં ૭, પીપાવાવ મરીન પોલીસ મથકના ૫ ગુનાઓ નોંધાયેલ છે. જયારે આરોપી નાગ વાછસુરભાઈ વાઘ સામે સાવરકુંડલામાં ૧ અને ગીરગઢડામાં બે ગુનાઓ નોંધાયેલ છે. જયારે ત્રીજા આરોપી જયદિપ કાળુભાઈ ચૌહાણ સામે ગીરગઢડામાં એક ગુનો નોંધાયો છે.


|| ૐ નમો નારાયણ ||    || શ્રી ઉમિયા માતાયે નમઃ ||    || જય ગોવર્ધન નાથજી ||

9428190118

યુવાનોને ક્રેઝી બનાવતું... દિવાળી કલેક્શન

એક જ ભાવ

ઉમિયા ફેશન

બ્રાન્ડેડ શર્ટ, પેન્ટ, ટી શર્ટ, ટ્રેક પેન્ટ

M to 6 XL અને ૫૦ લંબાઈ સુધી પેન્ટ

ફોર્મલ પેન્ટ
પાર્ટીવેર પેન્ટ
હાફ સ્લીવ શર્ટ
કોલર પોકેટ ટી-શર્ટ

સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી - 365601 (નાના આંકડીયા વાળા)


## પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ અશ્રુભીની શ્રધ્ધાંજલી



**સ્વ. ઉષાબેન નિલેશભાઇ વાલસુર**

સ્વ.સવંત ૨૦૭૯ આસો સુદ-૧૨, તા.૨૬-૧૦-૨૦૨૩, ગુરૂવાર

અમાન્ય ઘટના ઘટી ગઈ હદય, મન, સમય અને સઘળુ સ્વીકારતુ જ નથી
કે આપ નથી. સુનુ ઘર ભોળા હદયને ઝંખે છે. આપના સંતાનો મમતાને તરસે છે.
આમ મજધારે સહુને મેલીને અચાનક આપ જતા રહયા, આપની કમી... હંમેશા રહેશે.
મહામનાબુધ્ધને પ્રાર્થના આપના સહદયી મીલનસાર આત્માને શાતા અર્પે... ભવતુ મંગલમ્

લી.

નિલેશભાઇ રૂપાભાઇ વાલસુર (પતિ)
નિરાલીબેન નિલેશભાઇ વાલસુર (પુત્રી)
અપુર્વ નિલેશભાઇ વાલસુર (પુત્ર)


રજી.સે.શ.૩૬૭૫૨    || સત્યમેવ જયતે ||    ઓડીટ વર્ગ 'અ'

અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

આકર્ષક વ્યાજદરો

સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯


बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ભાવનગર ક્ષેત્રીય કાર્યાલય : દેના ભવન, લોખંડ બજાર, ખારગેટ, ભાવનગર - ૩૬૪૦૦૧. e-mail: recovery.bhavnagar@bankofbaroda.com

સિકયોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (હવે પછીથી કાયદા તરીકે નિર્દિષ્ટ) હેઠળ બેંક પાસે ગીરવે મૂકેલ સ્થાવર/ જંગમ મિલકતોનું વેચાણ

**ઈ-હરાજી વેચાણ નોટિસ**

**સ્થાવર / જંગમ મિલ્કતોના વેચાણ માટેની વેચાણ નોટીસ** (એપેન્ડીકસ - ૪ - એ) (નિયમ ૬(૨) અને ૮(૬)ના વંચાણ હેઠળ)

સિકયોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ સાથે સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એકટ, ૨૦૦૨ ના નિયમ ૬(૨) અને ૮(૬)ના વંચાણ હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ઋણકર્તા (ઓ), ગીરોકર્તા (ઓ) અને જામીનદાર (ઓ)ને ખાસ કરીને નોટિસ આપીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો જે બેંક ઓફ બરોડાને મોર્ગેજ / ચાર્જડ કરેલી છે અને તેનો સીકયુર્ડ કેડીટર તરીકે બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી દ્વારા કબજો મેળવી લેવામાં આવ્યો છે જેને નીચે દર્શાવેલ ખાતા/ઓની બાકી લેણાંની વસૂલાત માટે "જ્યાં છે ત્યાં છે, જેવું છે તેવું છે અને જેમ છે તેમ છે ના આધારે" ઈ - હરાજીથી વેચાણ કરશે. ઋણકર્તાઓ/ ગીરોકર્તાઓ/ જામીનદારો/ સંપતિઓ/ બાકી લેણાં/ અનામત કિંમત / ઈ-હરાજી તારીખ અને સમય, ઈ.એમ.ડી. તથા બીડ વધારાની રકમ નીચે મુજબ છે.

**ઈ-હરાજીની તારીખ અને સમય : ૧૩.૧૧.૨૦૨૪, બપોરે ૦૨:૦૦ થી ૦૬:૦૦ સુધી, મિલ્કત નિરીક્ષણની તારીખ અને સમય : ૦૫.૧૧.૨૦૨૪, સવારે ૧૧:૦૦ થી બપોરે ૧:૦૦ સુધી**

| ક્રમ/ લોટ નં. | શાખાનું નામ, ઉધારકર્તા/ઓ અને જામીનદાર/ઓ/ ગીરોકર્તાનાં નામ અને સરનામાં | સ્થાવર / જંગમ મિલકતોની ટુંકમાં માહિતી | કલમ ૧૩(૨) ની નોટિસ હેઠળનાં બાકી લેણાં | અનામત કિંમત, ઈ.એમ.ડી. અને બીડ વધારાની રકમ (રૂા. માં) | કબજાનો પ્રકાર (સાંકેતિક / પ્રત્યક્ષ) | નામ અને શાખાધિકારીનો સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | **મહુવા શાખા :** **મે. એરીસ ફ્રેશ ફુડ એલએલપી,** રેવન્યુ સર્વે નં. ૧૦૦/૨ પૈકી, પ્લોટ નં. ૧ થી ૯, ગામ : કાતર, ખાંભા રોડ, તાલુકો : રાજુલા, જી. અમરેલી, **શ્રી શંભુભાઈ વલ્લભભાઈ હડીયા (ભાગીદાર અને જામીનદાર), શ્રી વલ્લભભાઈ રતનાભાઈ હડીયા (જામીનદાર), શ્રીમતી વિલાસબેન લાલજીભાઈ હડીયા (ભાગીદાર અને જામીનદાર) અને શ્રીમતી શોભાબેન શંભુભાઈ હડીયા (ભાગીદાર અને જામીનદાર)** | **બધા ભાગ અને અંશ સહિતની ઔદ્યોગિક પ્લોટસ ધરાવતી સ્થાવર મિલ્કત :** જેનો વિસ્તાર ૨૫૫૯૦.૦૧ સ્કે.મી. છે તે રેવન્યુ સર્વે નં. ૧૦૦/૨ પૈકી, પ્લોટ નં. ૧ થી ૯, ગામ : કાતર, ખાંભા રોડ, તાલુકો : રાજુલા, જી. અમરેલી ખાતે સ્થિત છે. જે **શ્રી વલ્લભભાઈ રતનભાઈ હડીયા (જામીનદાર)** ના નામની છે. | તા. ૦૩.૦૧.૨૦૨૩ રૂા. ૧,૩૫,૮૫,૬૬૯.૦૫ + ચડત વ્યાજ + લીગલ ખર્ચા - રીકવરી | અનામત કિંમત : રૂા. ૧,૦૯,૮૦,૦૦૦ ઈ.એમ.ડી. : રૂા. ૧૦,૯૮,૦૦૦ બીડ વધારાની રકમ : ૫૦,૦૦૦ | પ્રત્યક્ષ | શ્રી મણી પ્રસાદ મો. ૯૬૮૭૬ ૯૬૦૮૧ નિર્મલ કુમાર મો. ૯૪૨૫૧ ૬૩૮૮૩ |

**ઋણકર્તા / મોર્ગેજર / ગેરન્ટર ને સરફેસી એકટ હેઠળ ૧૫ દિવસની વૈધાનિક નોટિસ**

ઉધારકર્તા/ જામીનદાર/ મોર્ગેજરને આથી જણાવવામાં આવે છે કે ઉપર દર્શાવ્યા મુજબ ડિમાન્ડ નોટિસ મુજબ ની વ્યાજ અને ખર્ચા સાથેની સંપૂર્ણ ચૂકવણી સુધીની લેણી રકમ બીડ સબમિટ કરવાની છેલ્લી તા. ૧૩.૧૧.૨૦૨૪, બપોરે ૩:૩૦ કલાક સુધીમાં અચૂક ભરી જવી જેમાં નિષ્ફળ જશે તો મિલકતોનું ઉપરોકત સૂચના મુજબ વેચાણ કરવામાં આવશે.

• મિલકતના વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે htttps://www.bankofbaroda.in/e-auction.htm અને https://ebkray.in માં આપવામાં આવેલ લિંકનો સંદર્ભ લો.

SCAN HERE

તારીખ : ૨૬.૧૦.૨૦૨૪, સ્થળ : ભાવનગર (આ હરાજી નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે) અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૬-૧૦-૨૦૨૪ શનિવાર

# ભ્રષ્ટાચારી અધિકારીઓની મહા વિલાસી ધર્મપત્નીઓ તરફ પણ સરકાર ધ્યાન આપે

કોણ માણસ કેવો છે એના અનેક ડાયમેન્શન હોય. કોઈ રાજા રામનો અવતાર નથી. કોઈ દેવના દીકરા નથી. નવા વરસે એટલું યાદ રાખો કે માણસ જાત તો ભૂલભરેલું પ્રાણી છે. પ્રશંસા અને વાહવાહના વોંકળામાં તરવાનું તો સહુને આવડે. જે લોકો તમારી સાથે સંમત નથી.... એટલું જ નહીં તમે જે સારા કામ કરો છો એનાથી પણ જે લોકોને બળતરા થાય છે અને તેઓ તમારી ટીકા કરે છે, એ ટીકાને હસતા મુખે સ્વીકારી લેવી જોઈએ. વ્યક્તિગત જિંદગીમાં પુરુષની મુખ્ય ટીકાકાર તો એની પત્ની જ હોય છે. એટલે તો લગ્નના ચાર ફેરામાં ચોથા ફેરાનું નેતૃત્વ પત્નીને આપવામાં આવ્યું છે. પંડિતો કહે છે કે ચોથો ફેરો મોક્ષનો ફેરો છે. સાવ એવું નથી. ચોથો ફેરો ખરેખર તો પતિને મોક્ષ પ્રાપ્ત થાય એ માટે એને યોગ્ય બનાવવાનો છે. અને એ જવાબદારી આપણી સંસ્કૃતિ જીવનસંગિનીને સોંપી છે.

જેમને પોતાની પત્નીની ટીકા સાંભળવી ન હોય એમણે લગ્નના ચાર ફેરા દરમિયાન ચોથો જે મોક્ષનો ફેરો છે એમાં પણ પત્નીને પાછળ રાખવી જોઈએ. કારણ કે ચોથા ફેરાનું નેતૃત્વ પત્નીને આપીને ભારતીય સંસ્કૃતિએ એને પોતાના પતિને મોક્ષ આપવાનો અધિકાર નથી આપ્યો, પરંતુ મોક્ષ પ્રાપ્ત કરવા માટેના સર્વ ગુણ-પ્રતિભા કેળવાય એ માટેના એક પ્રશિક્ષક તરીકેનું તેને આસન આપ્યું છે. સર્વસામાન્ય વાત એ છે કે લોકો એમ માને છે કે કોઈ પણ પતિને મૃત્યુ પછી જ્યારે સ્વર્ગમાં જવાનું થાય ત્યારે સ્વર્ગમાં પ્રવેશ આપતા પહેલા ધર્મરાજ પત્નીને પૂછે છે કે આને મોક્ષ આપવો જોઈએ કે નહીં. કારણ કે આ સંસારમાં પત્ની એક જ એવું પાત્ર છે જે બહુ નિકટથી પતિના આત્માને પણ સારી રીતે જાણે છે.

જેટલી દુષ્ટતાઓ અને જેટલી ઈષ્ટતાઓ એમાં પડી છે એ કદાચ જગતે ન જોઈ હોય તો પણ પત્નીને તો ખબર જ હોય, એમ માનીને ધર્મરાજ પત્નીને પૂછે છે. અને ત્યારે જો પત્ની હા પાડે તો મોક્ષ મળે અને ના પાડે તો લખ ચોરાસી ફેરાનો આખો આંટો ફરીવાર મારવો પડે. આમ સહુ માને છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે પત્નીની ચોથા ફેરાની એક જવાબદારી છે કે પોતાના પતિને વારે કે પ્રસંગે એ સમજાવતી રહે કે ટકોર કરતી રહે કે આ જે કંઈ દેખાય છે એ બધું તો નશ્વર છે અને જે ચિરંતન છે તે ઈશ્વર છે. સત્કર્મ થકી જેટલું ભાથું બાંધી શકાય એટલું બાંધી લો તો એ કામ આવશે. મીરાંબાઈ એ તો માત્ર કહેવા ખાતર ના જ લગ્ન મેવાડના રાણા સાથે કર્યા હતા. તો પણ એ પોતાના મહેલની એક અટારીમાં બેસીને એમ ગાતી રહેતી હતી કે.... કર્મનો સંગાથી રાણા તારો કોઈ નહીં.....!

આજે થોડો ઘણો ભ્રષ્ટાચાર કરીને પતિ વધારાના પૈસા ઘરે લાવે ત્યારે જે પત્ની એના પતિને પૂછે નહીં કે આ પૈસા ક્યાંથી આવ્યા ? - એ પત્ની તો ખરી પરંતુ ધર્મપત્ની નથી. ધર્મપત્નીનો એક અર્થ છે - ધર્મનું પાલન કરાવનારી પત્ની. જે સ્ત્રી પોતાના સંતાનોનું સુખ ઈચ્છતી હોય તેણે પતિને મહેનત વિનાના નાણાં ઘરમાં ન લાવવાની સૂચના આપવી જોઈએ. એના બદલે જોવા એ મળે છે કે ભ્રષ્ટ અધિકારીઓ અને ભ્રષ્ટ રાજકારણીઓની સહઅધર્મચારિણીઓ પંડ્યે સો તોલા સોનું પહેરીને પાર્ટીઓમાં ફરે છે. આવા કિસ્સાઓમાં પતિને મોક્ષ ન મળે એની પૂરેપૂરી 'સંભાળ' પત્ની રાખે છે. આવી સ્ત્રીઓ કે જે ભ્રષ્ટ નાણાંથી પોતાની સખીઓ અને સમાજ પર રોફ જમાવે છે તેની કાળક્રમે શું પરિસ્થિતિ થાય છે એની કથામાળા સચિવાલયના વિવિધ ટેબલોને કંઠસ્થ હોય છે.

ભ્રષ્ટાચાર કરતા પતિના નાંણે નાંણે નથડી નચાવતી આ સ્ત્રીઓ બહુ વિલાસી બની જાય છે. આપણે ત્યાં જે અનેક પ્રકારની મહિલા સંસ્થાઓ છે એમાંથી કોઈક સંસ્થાએ મોટિવેશન ક્લાસ ચાલુ કરીને ભ્રષ્ટ અધિકારીઓની પરણિતાઓને પરમ પવિત્ર પગાર લક્ષ્મીનો મહિમા સમજાવવો જોઈએ અને અતિ હીન એવી લાંચલક્ષ્મીથી બરબાદ થયેલા પરિવારોના વૃત્તાંત ભણાવવા જોઈએ. આ પ્રકારનું શિક્ષણ પણ મહિલા કલ્યાણ અને પરિવાર કલ્યાણ તરીકે ઓળખાવું જોઈએ.

જેમને ધર્મપત્નીની વારંવારની ટીકાનો લાભ મળ્યો હોતો નથી તેઓ અધૂરા રહી જાય છે. દરેક ટીકામાંથી કંઈક શીખવાનું હોય. અને એમ જો પતિ દેવો શીખતા રહે તો એમનું જીવન અપડેટ થતું રહે છે. વાસ્તવિકતા એ છે કે આજે ઘરમાં જે ટીકા થતી હોય છે એ આવતીકાલે બહાર થવાની હોય છે. જો ઘરની ટીકા જ કાને ધરીને સુધારો કરી નાખવામાં આવે તો પછી બહારના જગતે કંઈ કહેવાનું રહેતું નથી. બાળકો નાના હોય ત્યારે તો એમને માટે માતા-પિતા બંને સમાન હોય છે પરંતુ હવે પરિવારોમાં જોવામાં આવ્યું છે કે બાળકો મોટા થાય પછી, તેઓ માતાના એડવોકેટ થઈ જતા હોય છે. એટલે કે સંતાનો અને એમની માતા સંપીને ઘરના મોભી સામે યુદ્ધનો મોરચો ખોલી શકે છે.

આનો અનુભવ સંસારના અનેક ગૃહસ્થને હોય છે. જ્યારે આવું થાય ત્યારે ઘરનો મોભી એકલો પડી જાય છે અને એની અલગ દુનિયા બની જાય છે. આ અર્થમાં ચોથા ફેરાનું નેતૃત્વ ક્યારેક આપણા સમાજના અનેક પરિવારોને ભારે પડે છે. આ જગતમાં જેમની પાસે એવા ધર્મપત્ની હોય કે જેઓ કદી તેમની ટીકા જ ન કરતા હોય તો તેમનું દાંપત્યજીવન સાક્ષાત શિવ-પાર્વતી જેવું કહેવાય. પરંતુ આવું તો અપવાદરૂપ કિસ્સામાં જ હોય. આજકાલ સોશિયલ મીડિયામાં એક સુવાક્ય ફરતું રહે છે જેમાં ગૃહસ્થનું એક પ્રકારનું કન્ફેશન છે. આમ તો એ વાત બહુ લાંબી છે. એમાં આજના હજારો પતિદેવોની આત્મકથા ટૂંકમાં આવી જાય છે.

પરંતુ એનો સારાંશ એ છે કે પત્ની કહે છે એટલો હું ખરાબ નથી અને માતા કહે છે એટલો હું સારો નથી. એટલે દરેક માતા પોતાના પુત્રને કમ સે કમ લગ્ન થાય ત્યાં સુધી તો એક રાજકુમાર તરીકે જોતી હોય છે અને પછી પણ માતાના મનમાં તો પોતાનો પુત્ર આસપાસના અન્ય એના લાખો સમવયસ્કોની તુલનાએ શ્રેષ્ઠ લાગતો હોય છે. લગભગ દરેક માતા પાસે એક એવું વિશેષ ત્રાજવું હોય છે જેમાં એના સંતાનોનું જ પલ્લુ હંમેશા ભારે હોય છે પરંતુ લગ્ન થાય પછી પુત્રની જિંદગીમાં એક નવા નિર્ણાયક નો પ્રવેશદ્વાર થાય છે. એ નિર્ણાયક છે પત્ની. એટલે કે માતા પોતાના પુત્ર વિશે જે માને છે એ માન્યતાની નવી કસોટીના નવા યુગના મંડાણ થાય છે. એવું તો ભાગ્યે જ બને કે રામ વિશે કૌશલ્યા જે માનતા હોય એ જ સીતાજી પણ માનતા હોય. આવું તો રામરાજ્યમાં અને એય અયોધ્યાના રાજમહેલમાં જ શક્ય છે. કારણ કે રામનું વ્યક્તિત્વ જ એવું છે. દરેક મનુષ્યમાં તો રામ અવતરી શકતા નથી અને રામને આત્મસાત કરીને જિંદગી જીવવાનું કામ સુગમ તો નથી. એટલે ગુણ અને દોષનું એક એવું સંગમતીર્થ દરેક મનુષ્યમાં રચાય છે જેમાં ઓછી પ્રશંસા અને અધિક ટીકાની કાયમ સંભાવના રહે છે.

માત્ર ધર્મપત્નીની વાત નથી. મિત્રો પણ પોતાના કટકીબાજ ખેલાડીઓને જાણતા હોય છે. પરંતુ તેઓ માત્ર એની મહેફિલમાં સામેલ થાય છે. કોઈ કહેતું નથી કે આ ગોરખધંધા કરવા જેવા નથી. સરકારમાં કે ખાનગી સેક્ટરમાં તમામ ઉચ્ચ હોદ્દાઓ અઢળક બેનંબરી નાણાં ઊભા કરવાની તક આપે છે, પરંતુ એ તક જતી કરવા જેવી હોય છે. કર્મચારીઓનું મનોવિજ્ઞાન એવું હોય છે કે પહેલી તારીખ એટલે કે પગારની તારીખ જાય એના બીજા દિવસથી નવા પગારની પ્રતિક્ષા શરૂ થઈ જાય છે. આર્થિક કટોકટી હોવી તે જીવંત મનુષ્યની લાક્ષણિકતા છે એમાં ગભરાવા જેવું કંઈ નથી. પરંતુ એનો ઉકેલ લાંચ કે કટકીમાંથી શોધવો એ પોતાના હાથે સ્વજીવનનો વિનાશ નોંતરવાની પ્રવૃત્તિ છે. લાંચ લેતા ઝડપાયેલા અધિકારીનું ઈન્ટરવ્યૂ લેવામાં આવે તો જે અફસોસકથા સાંભળવા મળે તે બહુ રોમાંચક અને મૂર્ખતાઓથી ભરપૂર હોય છે ને એટલે મનોરંજક પણ હોય છે.

# રાજુલા જાફરાબાદમાં વર્ગ ૩-૪ના કરાર આધારિત કર્મીઓને સમયસર પગાર આપવાની માંગણી

## કર્મચારીઓ દ્વારા દિવાળીના તહેવારોના કારણે રજુઆત કરાઇ

રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા જાફરાબાદ વિસ્તારમાં અનેક સરકારી કચેરીઓમાં વર્ગ ત્રણ વર્ગ ચારમાં કરાર આધારિત કર્મચારીઓ પોતાની ફરજ અદા કરી રહ્યા છે સરકારના રેગ્યુલર કર્મચારી કરતા પણ વધારે કામ આ કરાર આધારિત કર્મચારીઓ કરતા હોય છે રાજુલા જાફરાબાદ ની વાત કરીએ તો હોસ્પિટલ મામલતદાર કચેરી તાલુકા પંચાયત શિક્ષણ વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગ સહિતના વિભાગોમાં વર્ગ ત્રણ અને ચારમાં ઓપરેટર કારકુન પટાવાળા સહિતના વિભાગોમાં કરાર આધારિત ૨૦૦ જેટલા કર્મચારીઓ નોકરી કરી રહ્યા છે આખું વર્ષ દરમિયાન આ કર્મચારીઓના પગાર બે ત્રણ ત્રણ મહિને સાથે થતા હોય છે પરંતુ ગુજરાત સરકારે કર્યો છે કે દરેક પેન્શનરો અને સરકારી કર્મચારીઓને દિવાળી પહેલા પગાર ચૂકવવાના હોય છે આ કરાર આધારિત કર્મચારીઓને પહેલા જે તે વડી કચેરી પૈસા ચૂકવતી હોય છે અને બાદમાં આ એજન્સી કર્મચારીઓને પૈસા ચૂકવતી હોય છે ત્યારે આ વર્ષે માનવતાની રુહે દિવાળી પહેલાં જે એજન્સીમાં કર્મચારીઓ કામ કરી રહ્યા તે કર્મચારીઓને આ એજન્સી મારફત દિવાળી પહેલા પગારનું ચુકવણું કરવામાં આવે તેવી આ નાના કર્મચારીઓમાંથી માંગણી ઉઠવા પામી છે.






રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૨૬.૧૦.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ આસો વદ દશમ, આશ્લેષા નક્ષત્ર, યોગ, વણિજ કરણ, આજે સવારે ૯.૪૬ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) ત્યારબાદ સિંહ (મ,ટ) રહેશે.

### નીચસ્થ મંગળની સૂર્ય બુધ અને શનિ પર દ્રષ્ટિ શેરબજાર માટે ઘાતક સાબિત થઇ છે

અગાઉ અત્રે લખ્યા મુજબ નીચસ્થ મંગળની સૂર્ય બુધ અને શનિ પર દ્રષ્ટિ શેરબજાર માટે ઘાતક સાબિત છે અને હજુ આગામી દિવસોમાં કાળજી રાખવા જેવો સમય ગણી શકાય આ ઉપરાંત કુદરતી આપદા અને કેટલાક પ્રશ્નો અત્રે લખ્યા મુજબ સામે આવી રહ્યા છે તો બીજી તરફ વિશ્વ સ્તરે દોસ્ત અને દુશમનની વ્યાખ્યાઓની ભેદરેખા પાતળી થઈ રહી છે અને ચીન ભારત સાથે સંવાદ તરફ આગળ વધી રહ્યું છે ભારત પાડોશી દેશ બાબતે હમેશા દાઝ્યું છે માટે આ ઘટનાને પણ સમય આપવો રહ્યો!! ધીમે ધીમે આપણે નૂતન વર્ષ તરફ આગળ વધી રહ્યા છીએ.વિક્રમ સંવંત ૨૦૮૧ ઘણી બાબતો



માટે નિર્ણાયક સાબિત થશે. વિક્રમ સંવત ૨૦૮૧ નું નામ કાલયુક્ત સંવત્સર છે જે ઘણું સૂચક છે આ નામ જ દર્શાવે છે અહીં કાળ એટલે કે સમય જેના અધિષ્ટાત્રી દેવી કાલી છે તે પોતાની લીલા દર્શાવશે અને અસુરોનો વધ પણ કરશે પરંતુ કાલયુક્ત સંવત્સર સમયને પ્રણામ કરવાનું કહે છે જે વ્યક્તિ સમયને સમજી શકતો નથી તે કાળની ગર્તામાં સારી પડે છે! આ ઉપરાંત અંગ્રેજી વર્ષ ૨૦૨૫ આવી રહ્યું છે જેના પર અને કેતુનું આધિપત્ય છે તે પણ ઘણા મોટા ફેરફાર સૂચવી રહ્યું છે અને વિશ્વ એક નિર્ણાયક સ્થિતિમાં આગળ વધી રહ્યું છે તે સૂચવે છે માટે આગામી દિવસોમાં અનેક ફેરફાર અને કડક નિર્ણયની અપેક્ષા રાખી શકાય!

મેષ (અ,લ,ઈ) : આંતરિક સૂઝમાં વૃદ્ધિ થાય ,સંતાન અંગે સારું રહે,પરિવાર માં આનંદ રહે ,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, તમામ સુખ સગવડ પ્રાપ્ત થાય ,દિવસ પ્રગતિકારક
મિથુન (ક,છ,ઘ) : તમારી પ્રતિભા દર્શાવી શકો, નવા કાર્યનું આયોજન કરી શકો,શુભ દિન,લાભ થાય.
કર્ક (ડ,હ) : બેન્કના કાર્ય નિપટાવી શકો, આર્થિક આયોજન કરી શકો,મનોમંથન કરી શકો.
સિંહ (મ,ટ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આંતરિક શક્તિ ખીલે,લોકો દ્વારા તમારી પ્રસંશા થાય.
કન્યા (પ ,ઠ ,ણ) : લોન વિગેરે બાબતમાં , ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી વ્યય નિવારવા સલાહ છે.
તુલા (ર,ત) : જીવનમાં નવા નિયમ લાવી શકો, તમારી દિનચર્યા સુધારી શકો, દિવસ દરમિયાન પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન ,ય) : વ્યક્તિની પરખ કરી શકો, કામકાજ માટે નવા સંશાધનો કામે લગાવી શકો, શુભ દીવસ.
ધન (ધ,ભ,ફ,ઢ ): આધ્યાત્મિક ચિંતન થાય, ધ્યાન મૌન થી લાભ થાય, પરિવાર સાથે આનંદ માણી શકો .
મકર (ખ,જ) : કોર્ટ કચેરી કે વીલ વરસના પ્રશ્નો ઉકેલી શકો,વિવાદ નિવારી શકો,મધ્યમ દિવસ રહે .
કુંભ (ગ ,સ,શ) :આંતરિક જીવનમાં સારું રહે,સબંધો માં સુલેહ થી ચાલી શકો. વધુ ઉગ્રતાથી કામ ના લેવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ): આપણા ગણીને હોઈએ તે બધા આપણા નથી હોતા! , હિત શત્રુથી કાળજી લેવી, વિશ્વાસે ના ચાલવું ,મધ્યમ દિવસ.

# ધારીનાં માલસીકાની સીમમાં પ્રૌઢ ઉપર હુમલો

## મારમારી ધમકી આપી બોલેરાનોનાં કાચ તોડી નુકશાન કર્યુ

અમરેલી,

ધારી તાલુકાનાં માલસીકા ગામની સીમમાં મંગળુભાઈ આપાભાઈ વાળા ઉ.વ.૫૦ વાડીએ જેસીબીનું કામ શરૂ હોય જેની દેખરેખ રાખતા હતાં. ત્યારે ગામનાં ભુપત આપાભાઈ, દિપુ આપાભાઈ, કાળુ ભુપતભાઈએ આવીને ગાળો બોલી મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી બોલેરો ગાડીમાં આગળનો કાચ ફોડી રૂપિયા ૨૫,૦૦૦ નું નુકશાન કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીના જેશીંગપરામાં પશુઓની ગેરકાયદે હેરાફેરી કરતો ટ્રક ઝડપાયો

## પોલીસે ઝડપી લઇ રૂા.૭,૩૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી,અમરેલી જેશીંગપરામાં વહીજ યુસુફભાઈ કાલવા ટ્રક જીજે ઉબી ડબલ્યુ ૨૪૫૦ માં આઠ ભેંસ કોઈપણ પ્રકારનાં ઘાસચારા કે પાણીની સગવડ વગર ખીચોખીચ ગોંધી રાખી ગુનો કર્યાની પો.કોન્સ.ફારૂકભાઈ પઠાણે રૂા.૭,૩૦,૦૦૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં હતાં.

# રાજુલાના છતડીયા રોડ ઉપર જતી મહિલાને ગાયએ હડફેટે લેતાં ઇજા

## બધા રસ્તાઓ ઉપર ફરીથી સ્પીડ બ્રેકર મૂકવા માગણી

રાજુલા,

રાજુલા શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર થોડા સમય પહેલા મુખ્યમંત્રી આવતા હતા ત્યારે સ્પીડ બ્રેકર હટાવવામાં આવ્યા હતા પરંતુ હવે ફરીથી સ્પીડ બ્રેકર કરવામાં નહીં આવતા ભય રહેલો છે .આજે વહેલી સવારે છતડીયા રોડ ઉપર ભાગવત નગર ની સામે એક મહિલા પોતાના બાળકને સ્કૂલે મૂકીને આવતા હતા ત્યારે વચ્ચે ગાય ઉતરતા અકસ્માત થવા પામ્યો હતો અહીં વાહનો પૂરપાટ ઝડપે પણ દોડતા હોય છે આથી અકસ્માતનો થઈ રહેલો હોય છે રાજુલા જાફરાબાદ રોડ રાજુલા છાતડીયા રોડ રોડ સહિતના વિસ્તારોમાં શાળાઓ અને ૫૦ જેટલી નાની મોટી સોસાયટીઓ આવેલી હોવાથી આ માર્ગો ઉપર સ્પીડ બ્રેકર મૂકવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

# રાજુલાનાં કડીયાળીમાં પ્રેમલગ્નને કારણે સામસારી મારામારી સર્જાઇ

## ઢીકાપાટુ વડે મારમાર્યાની પોલીસમાં ફરિયાદ દાખલ

અમરેલી,

રાજુલા પાલિકા કડીયાળી ગામે રહેતા બાઘાભાઈ ભાણાભાઈ મેર ઉ.વ.૫૦ ની દિકરી રાધીકાએ ચાર વર્ષ પહેલા માનચીથરભાઈ સાંખટ સાથે પ્રેમ લગ્ન કરેલ હોય અને અવાર નવાર બાઘાભાઈ સાથે માથાકુટ કરી કાતરો મારતો હોય તા.૨૪-૧૦ નાં કડીયાળી ગામનાં પાટીયા પાસે બાઘાભાઈને ગાળો બોલી કાઠલો પકડી ધોલ થપાટ મારી ઢીકા પાટુ વડે મારમાર્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામાપક્ષે માનભાઈ ચિથરભાઈ સાંખટ ઉ.વ.૨૫ ને કડીયાળી ગામનાં સ્મશાનથી થોડા દુર બાઘા ભાણાભાઈ મેરની દિકરી સાથે પ્રેમલગ્ન કરેલ હોય જે મનદુ:ખ રાખી ગાળો બોલી કાઠલો પકડી ધોલ થપાટ કરી ઢાકાપાટુ વડે માર માર્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં ૧૪ નશેડીઓ ઝડપાયાં

## ૧૪ શખ્સોને નશો કરી નિકળતા પોલીસે સરભરા કરી

અમરેલી,અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી ૧૪ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નિકળતા પોલીસે સરભરા કરી જેલની હવા ખવડાવી હતી. જેમાં લીલીયા, બાબરા, જાફરાબાદ, મરીન જાફરાબાદ, ધારી, નાગેશ્રી, ચલાલા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# વડેરા રંગપુર ખાતે પોષણ કીટ અપાઇ

## ટીબીનાં દર્દીઓને એલીમેનેશન પ્રોગ્રામ અંતર્ગત પોષણ કીટ અપાઇ



અમરેલી,આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા દ્વારા નેશનલ ટીબી એલીમેનેશન પોગ્રામ અંતર્ગત વડેરા રંગપુર ગામ ખાતે સારવાર હેઠળ ના ટીબી ના દર્દીઓને પોષણ કીટ આપવામાં આવી. આ પોગ્રામ ને સફળ બનાવવા માટે આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા ના સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, કે બી દુધાત, ડી જી રાજયગુરૂ, બી. આર ભટ્ટી, કાજલબેન જાદવ અને હર્ષાબેન મૈયાત્રા એ જહેમત ઉઠાવી હતી.

## કથાકાર રસિકભાઇ રાજયગુરૂનું અયોધ્યામાં સન્માન

ભાવનગર, (મનિષ દવે)

મોટીખોખરીના વતની હાલ મુંબઈ રહેતા ભાવગતાચાર્ય પુ.રસિકભાઈ રાજયગુરૂના વ્યાસાસને દુબઈમાં કથા વિરામ બાદ અયોધ્યાની ધર્મયાત્રાએ છે જયાં શિષ્ય સમુદાય દ્વારા મુંબઈના શિવશની હનુમાન મંદિરના મહંત વિશ્વધરા ભુષણ દ્વારા પુ.રસિકાચાર્યજી મહારાજનું ફ્રુટ તુલા, સાકર તુલા કરી સન્માન કર્યુ હતું.

## અમદાવાદ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે શહેરમાં ૫૦ જેટલા ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓની ધરપકડ કરી

# શારદા પુજન ચોપડા ખરીદવા માટેના શુભ મુર્હુતો

જુનાગઢ,

જુનાગઢ શહેર તથા જૂનાગઢ જિલ્લામાં આદરણીય સ્થાન ધરાવતા વૈષ્ણવ સંપ્રદાય તેમજ સ્વામીનારાયણ સંપ્રદાયના જયોતિષી શ્રી દિનેશકુમાર અનંતરાય ભટ્ટએ (જૂનાગઢ નિવાસી) દોશ (વિજયા દશમી), શરદપુનમ તેમજ પૂખયોગ, ધનતેરશ, શારદાપુજન તેમજ ચોપડા ખરીદવાના શુભ મુહતો આપેલા છે. જૂનાગઢ પ્રસિધ્ધ જયોતિષ શ્રી દિનેશકુમાર અનંતરાય જૂનાગઢના પ્રસિધ્ધ કાગદી પુજા સ્ટેશનર્સ, માલીવાડા રોડ, જૂનાગઢના

**ધનતેરસ ::- લક્ષ્મીપુજન ચોપડા ખરીદવા ગાદી બીછાવવા વગેરેના શુભ મુર્હુતો.**

સંવત ૨૦૮૦ આસો વદી બારસ મંગળવાર તા. ૨૯-૧૦-૨૦૨૪ ના રોજ ધનતેરસ મનાવવામાં આવશે. ધનતેરસનો પ્રારંભ મંગળવારે ૧૦ કલાક ૩૨ મીનીટ પછી થાય છે. જે બીજે દિવસે બુધવારે બપોરના ૧ કલાક ૧૬ મિનીટ સુધી રહેનારી છે. પોતાની પરંપરા પ્રમાણે ધનતેરસની પુજા કરવી. મંગળવારે ધનતેરસના મુહુતો સવારે ૧૦ કલાક ૩૨ મિનીટથી બપોરે ૧ કલાક ૫૫ મિનીટ સુધી ચલ ચોઘડીયાના અમુક ભાગ તેમજ લાભ, અમૃત ચોઘડીયા બપોરે ૩ ૨૦ મિનીટથી બપોરે ૪ કલાક ૪૫ મિનીટ સુધી શુભ ચોઘડીયું. તેમજ સાંજે સુર્યાસ્ત પછી ૭ કલાક ૪૫ મિનીટથી રાત્રે ૯ કલાક ૨૦ મિનીટ સુધી લાભ ચોઘડીયું. ત્યારબાદ રાત્રે ૧૦ કલાક ૫૫ મિનીટથી મોડી રાત્રીના ૩ કલાક ૪૦ મિનીટ સુધી શુભ અમૃત તેમજ ચલ ચોઘડીયા. ત્યારબાદ વહેલી સવારે સુર્યોદય પછી કલાક ૫૦ મિનીટથી ૯ કલાક ૪૦ મિનીટ સુધી લાભ તેમજ અમૃત ચોઘડીયું. ત્યારબાદ સવારે ૧૧ કલાક ૫ મિનીટથી ૧૨ કલાક ૩૦ મિનીટ સુધી શુભ ચોઘડીયું. **દિવાળી ::- દિપોત્સવી શારદા પુજન વગેરેના શુભ મુર્હુતો :- (આ દિવસે કાળી ચૌદશ મનાવવામાં આવશે)**

સંવત ૨૦૮૦ આસો વદી ચૌદશ ગુરૂવાર તા. ૩૧-૧૦-૨૦૨૪ રોજ અમાસનો પ્રારંભ બપોરના ૩ કલાક ૫૩ મિનીટથી અમાસનો પ્રારંભ થાય છે. જે બીજા દિવસે આસો વદી અમાસ શુક્રવાર તા. ૧-૧૧-૨૦૨૪ ના સાંજના ૬ કલાક ૭ મિનીટ સુધી દિવાળી રહેનારી છે. શાસ્ત્રીય રીતે ગુજરાત, કેરાલાનો પરિચમ ભાગ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ વગેરેમાં તા. ૩૧-૧૦-૨૦૨૪ ના રોજ દિવાળી મનાવવામાં ભારતના બાકીના પુર્વ ભાગમાં તા. ૧-૧૧-૨૦૨૪ ના રોજ લક્ષ્મીપુજન કરવું. ગુજરાતમાં પ્રદોષ વ્યાપની અને નિશીતકાળની અમાવસ્યા હોવાથી ગુરૂવારે લક્ષ્મીપુજન કરવું. દિવાળીના શુભ મુર્હુતો ગુરૂવારે સાંજે ૪ કલાક ૪૫ મિનીટથી સાંજે ૬ કલાક ૧૦ મિનીટ સુધી શુભ ચોઘડીયું. તેમજ ગુરૂવારના સુર્યાસ્ત પછી સાંજે ૬ કલાક ૧૦ મિનીટથી રાત્રે ૯ કલાક મિનીટ સુધી અમૃત તેમજ ચલ ચોઘડીયુ. ત્યારબાદ રાત્રે ૧૨ કલાક ૩૦ મિનીટથી મોડી રાત્રે ૨ કલાક ૫ મિનીટ સુધી લાભ ચોઘડીયું, ત્યારબાદ મોડી રાત્રે ૩ કલાક ૪૦ મિનીટથી વહેલી સવારના ૬ કલાક ૫૦ મિનીટ સુધી શુભ તેમજ અમૃત ચોઘડીયા. ત્યારબાદ બીજે દિવસે શુક્રવારના સુર્યોદય પછી વહેલી સવારે ૬ કલાક મિનીટથી બપોરે ૧૧ કલાક ૫ મિનીટ સુધી ચલ, લાભ, તેમજ અમૃત ચોઘડીયા. ત્યારબાદ બપોરે ૧૨ કલાક ૩૦ મિનીટથી બપોરના ૧ કલાક ૫૫ મિનીટ સુધી શુભ ચોઘડીયું. ત્યારબાદ

બપોરના ૪ કલાક ૪૫ મિનીટથી સાંજે ૬ કલાક ૭ મિનીટ સુધી ચલ ચોઘડીયું પોતાની પરંપરા પ્રમાણે ચોપડા પુજન કરવું. પ્રદોષકાળ પ્રમાણે ગુરૂવારે ૬ કલાક ૧૦ મિનીટથી રાત્રે ૯ કલાક ૩ મિનીટ સુધી પ્રદોષકાળ છે. પ્રદોષકાળનો સમય શ્રેષ્ઠ ગણાય છે. તેમજ વૃષભ લગ્ન પ્રમાણે સાંજે ૭ કલાકથી રાત્રે ૮ કલાક ૫૮ મિનીટ સુધી વૃષભ લગ્ન, ચોપડા પુજન માટે શ્રેષ્ઠ ગણાય છે.

**નૂતન વર્ષ**:- સંવત ૨૦૮૧ કારતક સુદ એકમ શનિવાર તા. ના રોજ નૂતન વર્ષ મનાવવામાં આવશે. સંવત ૨૦૮૧ નૂતનવર્ષ ચોપડામાં મિતી પધરાવવાના મુહુતો સવારે ૮ કલાક ૧૫ મિનીટથી સવારે ૯ કલાક ૪૦ મિનીટ સુધી શુભ ચોઘડીયું.

**ભાઇબીજ**::- સંવત ૨૦૮૧ કારતક સુદ બીજ રવિવાર તા. ૩-૧૧-૨૦૨૪ ના રોજ ભાઈ બીજ મનાવવામાં આવશે.

**લાભ પંચમી** ::- સંવત કારતક સુદ પાંચમ બુધવાર તા. ૬-૧૧-૨૦૨૪ ના રોજ લાભપંચમી મનાવવામાં આવશે.

**જલારામ જયંતિ**::- સંવત ૨૦૮૧ કારતક સુદ સાતમ મુકવાર તા. ૮-૧૧-૨૦૨૪ ના રોજ જલારામ જયંતિ મનાવવામાં આવશે. નોંધ::- દશેરા, શરદપૂનમ, પુષ્યનક્ષેત્ર, ધનતેરસ, દિવાળી, નુતન વર્ષ વગેરેના શુભ મુહુર્તો જૂનાગઢના પ્રખ્યાત જયોતિથી દિનેશકુમાર અનંતરાય ભટ્ટ એ સુર્યોદય, ગણતરી કરીને આપેલા છે. તેમજ પ્રદોષકાળ પ્રમાણે વૃષભ લગ્ન ગણતરી પૂર્વક આપેલ છે.

વધુ વિગત માટે જૂનાગઢના કાગદી પૂજા સ્ટેશનર્સ માલીવાડા રોડ, જૂની સેન્ટ્રલ બેંકની સામે જૂનાગઢવાળા **હિતેષભાઈ પારેખ**નો સંપર્ક કરવો. મોબાઈલ નંબર : ૯૯૨૪૩૨૫૭૩૨-૯૯૦૪૦૩૪૨૧૧

### શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના દશાબ્દી વર્ષની ઉજવણીએ સો વર્ષ નિ:શુલ્ક સેવાનો સંકલ્પ

# સાવરકુંડલા શહેરમાં શ્રી લલ્લુભાઇ શેઠ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલમાં સાડા ઓગણીસ લાખ દર્દીઓની સારવાર

## મલ્ટીહોસ્પિટલનાં ૧૦ વર્ષ પુર્ણ થયા : દશાબ્દી વર્ષની ઉજવણી તથા ૧૦૦ વર્ષ સુધી અવિરત સેવા કરવાનો સંકલ્પ પણ લેવાયો




અમદાવાદ, (રાજેશ મહેતા)

તાટાણા લલોડોબસ્ટ ૨૦૪૪- ચાલો સાથે મળીને દર્દી નારાયણની સેવા કરીએના સંકલ્પ સાથે સાવરકુંડલા ખાતે વર્ષ ૨૦૧૫માં શરૂ કરવામાં આવેલી શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની શરૂઆત શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વાસ કરવામાં આવી હતી. જેના આજે ૧૦ વર્ષ પૂર્ણ થવા આવ્યા છે. શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત સ્પેશિયાલીટી હોસ્પિટલમાં અત્યાર સુધી ૧૯,૫૦,૦૦૦ દર્દીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવી છે. આ આરોગ્ય મંદિરના દશાબ્દી વર્ષની ઉજવણી તેમજ આવતા સો વર્ષ સુધી શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા અવિરત સેવા કરવાનો સંકલ્પ તેમજ અમદાવાદ શહેરના જાણીતા હૃદયરોગ નિષ્ણાત ડી રમેશ કાપડિયાના સન્માન પર્વની ઉજવણી આવતીકાલે નારાયણી રિસોર્ટ ખાતે કરવામાં આવશે. શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડર ટ્રસ્ટી અને શ્રી લલ્લુભાઈ શેઠ ખારોગ્ય મંદિરના સંસ્થાપક ડો, નંદલાલ માનસેતાએ જણાવ્યું હતું કે પરમ વંદનીય પ્રાત સ્મરણીય પૂ. ગાંધી બાપુ કહેતા કે કોઈપણ કાર્યની શરૂઆત કરો તો નાનામાં નાના (છેવાડા) માણસનો વિચાર કરીને અમલીકરણ કરવું જે વિચારને અનુસરી વર્ષ ૨૦૧૫થી સતત દિવસ રાત ૨૪ કલાક અવિરત ચાલતો નારાયણનો યજ્ઞ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ૫પૂ વંદનીય સંત શ્રી મોરારીબાપુના આશીર્વાદથી શરૂ થયો હતો જેના દસાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે આવતા સો વર્ષ સુધી શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા અવિસ્ત નિ:શુલ્ક સેવા કરવાનો સંકલ્પ કરવામાં આવશે. તેમજ હૃદયરોગ નિષ્ણાત ડો. રમેશ કાપડિયાના સન્માન સાથે કરવામાં આવશે. વર્તમાન સમયમાં વયજૂથના લોકો હૃદયરોગની પીડાથી પીડાતા હોય છે. શહેરના જાણીતા હૃદયરોગ નિષ્ણાત ડી. રમેશ કાપડિયાની હૃદયરોગ સંબંધિત સારવારથી રાજ્યના ઘણા લોકોને તેઓની હૃદયરોગ સંબંધિત તકલીફોમાં ફાયદો થયો છે, જેમની સારવાર પધ્ધતિની કદરનાં ભાગરૂપે તેમનું સન્માન શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે.

વધુમાં જણાવ્યું હતું કે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર (મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ)માં ૧૦૮ પથારી હૃદયરોગની ઈમરજન્સી સારવાર માટે ૧૨ આઈસીયુ બેડ કાર્યરત છે. લેમ્પીટલમાં ૩૧ વિવિધ નિષ્ણાત ડોક્ટરોમાં એમડી. ઓર્થોપેડીક સર્જન, કેન્સર સર્જન, આંખના સર્જન, ફિઝયોથેરાપીસ્ટ, જનરલ સર્જનનો સમાવેશ થાય છે. આ સિવાય હોસ્પીટલમાં અદ્યતન પેથોલોજી લેબોરેટરી, ડાયાલિસિસ સેન્ટર પણ કાર્યરત છે. અત્યાર સુધીમાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર (મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પીટલ)માં ૧૯,૫૦,૦૦૦ દર્દી નારાયણની સારવાર નિશુલ્ક કરવામાં આવી છે. હોસ્પીટલમાં સારવાર લેવા આવનારા દર્દીને જો દાખલ કરવામાં આવે તો તેમની રહેવા ખાવા-પીવા તેમજ જ્યારે દર્દીને રજા આપવામાં આવે છે ત્યારે તેમને ૧૫ દિવસની દવા ફ્રીમાં આપવામાં આવે છે. રોજના એક હજાર દર્દીઓ શ્રી શેઠ આરોગ્ય મંદિરના ઓપીડીમાં આવે છે. ગામડામાં વસતા ઘણા એવા દર્દીઓ હોય છે કે જેઓની પાસે હોસ્પિટલ સુધી આવવાનું ભાડું સુધ્ધા નથી હોતું. આવા દર્દીઓ માટે પરે બેઠાં ફ્રી દવા મળી રહે તે માટે સંસ્થા દ્વારા હરતું ફરતું દવાખાનું કાર્યરત કરવામાં આવ્યું છે.

# સાવરકુંડલા અને આંબરડીમાં મોબાઇલ ચોરાયાં

અમરેલી,

સાવરકુંડલા રિધ્ધી સિધ્ધી ચોક પાસે ન્યુ મહેતા ટ્રાન્સપોર્ટની ઓફિસે જતા હતા ત્યારે અતુલભાઈ અનંતરાય મહેતાનો શર્ટનાં ખીસ્સામાં રાખેલ ઓપ્પો કંપનીનો મોબાઈલ રૂા.૧૫,૪૯૯ ની કિંમતનો કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવ છે. જ્યારે સાવરકુંડા તાલુકાનાં આંબરડી ગામે વિજયભાઈ રાઘવભાઈ માલાણીની વાડીએ ચંદ્રેશભાઈ છગનભાઈ શીંગાડ તા.૧૮-૯ નાં જમીને પલંગ નીચે રાખેલ મોબાઈલ મુકેશ રૂમશીંગ બામનીયા ઓપ્પો કંપનીનો મોબાઈલ રૂા.૧૨,૯૯૦ ની કિંમતનો ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૫૦ થી ૧૫૫૦ મગફળી ૭૧૯ થી ૧૨૬૯

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૭૯૦-૧૧૪૦
શિંગમોટી-૭૧૯-૧૨૬૯
શીંગફાડા-૯૫૦-૧૨૫૨
તલસફેદ-૧૯૫૦-૨૭૦૦
તલકાળા-૩૨૦૦-૪૦૧૧
બાજરો-૩૭૫-૪૫૫
ઘઉંટુકડા-૫૨૧-૬૫૧
ઘઉંલોકવન-૫૧૫-૬૩૫
ચણા-૬૦૦-૧૫૪૩
કપાસ-૮૫૦-૧૫૫૦
ધાણા-૯૧૦-૧૪૪૫
સોયાબીન-૬૦૪-૮૭૨
અડદ-૭૯૦-૧૫૩૨
મગ-૫૮૦-૧૮૬૦
રજકાનુંબી-૨૫૦૦-૫૬૦૦
જીરૂ-૩૫૦૦-૪૪૯૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૧૦-૫૨૦
રીંગણા-૫૦૦-૧૩૦૦
ફલાવર-૮૦૦-૧૦૦૦
કોબીઝ-૩૦૦-૫૦૦
ટમેટાં-૮૦૦-૧૧૦૦
ફોદીનો-૧૦૦૦-૧૨૦૦
ગાજર-૬૦૦-૮૦૦
ગલકા-૭૦૦-૮૦૦
કાકડી-૩૦૦-૫૦૦
ગુવાર-૧૨૦૦-૧૮૦૦
દુધી-૬૦૦-૭૦૦
તુરીયા-૯૦૦-૧૦૦૦
ભીડો-૪૦૦-૭૦૦
આદુ-૮૦૦-૧૦૦૦
કોથમીર-૧૪૦૦-૨૦૦૦
મેથીભાજી-૭૦૦-૮૦૦
ટીંડોરા-૮૦૦-૯૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૪૦૦-૬૦૦
મુળા-૨૦૦-૪૦૦
લીંબુ-૮૦૦-૧૨૦૦
પાલક-૧૦૦૦-૧૨૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૭૦-૫૩૮
સોયાબીન-૬૮૦-૭૮૭
ઘઉં-૪૮૦-૬૬૯
જુવાર-૬૭૦-૭૭૯
જીરૂ-૪૫૦૦-૪૬૫૧
તલસફેદ-૨૦૦૦-૨૩૦૦
અડદ-૧૦૫૨-૧૪૫૦
શીંગદાણા--
શીંગ-૮૫૦-૯૧૪
મગ-૧૧૫૦-૧૧૫૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૨૨-૬૬૭
ડુંગળીલાલ-૧૫૫-૯૦૭
તલસફેદ-૨૧૦૦-૨૬૦૦
અડદ-૧૦૦૦-૨૦૦૦
સોયાબીન-૭૭૦-૮૭૦
શીંગ ૬૬-૧૨૦૦-૧૭૦૨
ડુંગળીસફેદ-૧૫૦-૭૦૦
નાળીયેર-૫૦૦-૨૭૩૦
બાજરી-૫૦૪-૫૮૪
જુવાર-૪૪૦-૮૨૩
જીરૂ--

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૦૦-૧૬૨૦
ઘઉં-૫૧૨-૬૪૮
મગફળી-૯૭૫-૧૧૨૫
જીરૂ-૪૦૨૦-૪૬૩૦
અડદ-૧૩૭૦-૧૫૩૦
તલસફેદ-૨૧૩૦-૨૪૯૦
સોયાબીન-૬૯૪-૭૭૬
મગ-૧૪૩૦-૧૫૯૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૦૦૧-૧૪૫૨
અડદ-૧૨૮૦-૧૨૮૦
મગફળી-૬૦૦-૯૦૫
ઘઉં-૫૪૮-૫૪૮
ધાણા-૧૦૫૫-૧૨૧૫
સોયાબીન-૫૮૫-૮૧૭

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૮૫૦-૧૧૬૭
શીંગજીણી-૭૬૦-૯૭૧
અડદ-૧૧૦૦-૧૩૮૫
તલસફેદ-૨૧૫૦-૨૫૫૦
કપાસ-૧૧૫૫-૧૬૩૨
ઘઉંલોકવન-૫૦૩-૬૫૫
જીરૂ-૪૦૦૦-૪૫૦૦
ઘઉંટુકડા-૫૫૦-૬૭૦
ચણા-૯૦૦-૧૪૦૦
સોયાબીન-૬૪૬-૮૧૦
બાજરો-૪૨૦-૫૬૮

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૦૫૧-૧૫૫૧
ઘઉં-૬૦૦-૬૦૦

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૦૬૬-૧૫૩૨

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૦૦૦-૧૫૦૦
અડદ-૮૧૦-૧૫૦૦
મગફળી-૬૫૦-૯૫૦
તલસફેદ-૧૮૭૦-૨૩૮૫
સોયાબીન-૫૦૧-૭૫૧
ઘઉં-૫૪૫-૬૩૦
ધાણા-૮૦૦-૧૦૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૧૦૦૦-૧૫૦૦
દાડમ-૧૮૦૦-૩૪૦૦
મુસંબી-૬૦૦-૯૦૦
સંતરા-૫૦૦-૨૯૦૦
કીવી-૬૦૦૦-૭૦૦૦
ડ્રેગન ફ્રુટ- ૧૬૦૦-૨૨૦૦
અનાનસ-૧૨૦૦-૧૫૦૦
જામફળ-૬૦૦-૧૦૦૦
કેળા-૪૦૦-૬૦૦
પોપૈયા-૭૦૦-૯૦૦
સીતાફળ-૫૦૦-૧૦૦૦
સફરજન કાશ્મીર- ૧૦૦૦-૧૮૦૦

**અમરેલી આજનું તાપમાન**
મહ ામ તાપમાન ૩૫.૨
ન્યુનતમ તાપમાન ૨૨.૮
ભેજનું પ્રમાણ ૭૨
પવનની ગતિ સરેરાશ ૪.૦

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

**મેડીકલેઇમ લેતી વખતે જો તમોને**

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેસની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ

YAMAHA FASCINO-125



- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**

(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી

સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

પાના નં ૬

તા.૨૬-૧૦-૨૦૨૪ શનિવાર






(બાબરાવાળા)

**આનંદ કલોથ સ્ટોર**

હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪




**આશાપુરા ફર્નીચર**

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧

૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો

દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


# બાબરામાં ખેડૂતોને સહાય આપવા માંગણી

## બાબરા તાલુકા કોંગ્રેસ સમિતીએ રાજયપાલને રજુઆત કરી

બાબરા, બાબરા તાલુકાના ૫૮ ગામોમાં અતિવૃષ્ટિને કારણે ખેતી પાક અને જાનમાલને થયેલ નુકશાન અંગે વળતર આપવા રાજયપાલને પત્ર પાઠવી બાબરા તાલુકા કોંગ્રેસ પ્રમુખ જસમતભાઇ ચોવટીયાએ પાઠવેલી રજુઆતમાં જણાવ્યું છે કે બાબરા તાલુકામાં ખાતર બિયારણ સંપુર્ણ નાશ પામ્યું છે તેનો સર્વે કરી સહાય આપવા અને ઓગષ્ટ માસથી આજ સુધી સર્વે થયું નથી. જેથી કડક કાર્યવાહી કરવા અને નવી ફસલ માટે ખાતર બિયારણની તંગી ન પડે તે માટે તાલુકા ગ્રામ્ય લેવલે મંડળી મારફત તત્કાલ ખાતર બિયારણની માંગણી ઉભી કરવામાં નહીં આવે તો આંદોલન કરવા ચિમકી આપ્યાનું અખબારી યાદીમાં જણાવ્યું છે.

# કુંભારીયામાં આયુર્વેદિક રોગ નિદાન કેમ્પ યોજાયો

## આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા કેમ્પનું થયેલુ આયોજન



રાજુલા, (કનુભાઈ વરૂ) આયુષ્યમાન આરોગ્ય મંદિર કુંભારીયા ખાતે આયુર્વેદ કેમ્પ યોજાયો હતો. જેમાં મોરંગીના ડો. એસ.કે. જીંજાળા તથા વૈભવીબેન લાડુમોર, ભાવેશભાઇ ચૌહાણ, આશા વર્કર જયશ્રીબેન સોલંકી દ્વારા કેમ્પ યોજાયો હતો. જેમાં સરપંચશ્રી ભરતભાઇ રાદડીયાએ દિપ પ્રગટાવી ઉદ્દઘાટન કર્યુ હતું. આ કેમ્પ સર્વરોગ નિદાન, પત્રિકા વિતરણ સાથે આરોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. ઋતુજન્ય રોગ અટકે તે માટે ઉકાળા તથા દવાનું વિતરણ કર્યુ હતું.

### અમરેલી જિલ્લા ખ.વે.સંઘનાં પ્રમુખ શ્રી મનિષ સંઘાણીનાં અધ્યક્ષ પદે

# સાવરકુંડલામાં યુથ પાર્લામેન્ટ કાર્યક્રમ યોજાયો

## કાણકીયા અને સંઘવી કોલેજ તથા બચત ધિરાણ સહકારી મંડળીનું સંયુક્ત આયોજન



અમરેલી,

અમરેલી જિલ્લા સહકારી સંઘ ના અધ્યક્ષ અને યુવા નેતા શ્રી મનીષ સંઘાણી અધ્યક્ષતામાં અમરેલી જિલ્લા સહકારી સંઘ અને શ્રી વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર સંઘવી કોમર્સ કોલેજ કેપમ્સ ના વિદ્યાર્થીઓની બચત અને ગ્રાહક સહકારી મંડળી લી. ના સંયુક્ત ઉપક્રમે યુવાનો માં રહેલ લીડર શીપ બહાર લાવવા અને યુવાનો સહકારી પ્રવૃત્તિમાં વધુ આગળ જોડાઈ જેના ઉમદા હેતુ થી યુથ પાર્લા આયોજન કરવામાં આવેલ જેમાં યુવાનો દ્વારા વિવિધ પ્રશ્નોતરી કરવામાં આવેલ અને જેના પ્રશ્નો નું યુવાનેતા શ્રી મનીષ સંઘાણી દ્વારા સ્થળ પર જ નિકાલ કરવામાં આવેલ હતો આ કાર્યક્રમ માં અમરેલી જિલ્લા સહકારી સંઘ ના ડાયરેક્ટર શ્રી શરદભાઈ પંડયા, સાવરકુંડલા શહેર ભાજપ અધ્યક્ષ શ્રી પ્રવીણભાઈ સાવજ, સાવરકુંડલા તાલુકા ભાજપ અધ્યક્ષ જીવનભાઈ વેકરીયા સાવરકુંડલા નગર પાલિકા અધ્યક્ષ શ્રી મહેલભાઈ ત્રિવેદી અમરેલી જિલ્લા સહકારી સંઘ ના એકઝીક્યુટીવ શ્રી ભાર્ગવભાઈ ત્રિવેદી કોલેજ ના પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ રવૈયા, પ્રોફેસર શ્રી હરિચંદ્ર દેશરાણી, સંઘ ના શ્રી રૂપલબેન સીસણાદા, પ્રોફેસરશ્રીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# અમરેલીમાં લાયન્સ કલબ મેઇન દ્વારા ત્રણ ફટાકડાનાં સ્ટોલો ખુલ્લા મુકાયાં

## ફટાકડાનાં વેંચાણમાંથી થતો નફો સમાજ સેવાનાં કાર્યોમાં વપરાશે



અમરેલી,

અમરેલી લાયન્સ કલબ ઓફ મેઈન દ્વારા રાહત દવે ફટાકડા વિતરણનાં સ્ટોટો ખુલ્લા મુકવામાં આવેલ છે. આ સ્ટોલનું ઉદ્દઘાટન લા.પુર્વ ગવર્નર વસંતભાઇ મોવલીયાનાં હસ્તે કરવામાં આવેલ. આ તકે પ્રમુખ રાજેશભાઇ વિઠલાણી, દિનેશભાઇ ભુવા, કાંતિભાઇ વઘાસીયા ઉપસ્થિત રહ્યાં હતાં. ત્રણ સ્ટોલોમાં લીલીયા રોડ ભીડભંજન મંદિરની બાજુમાં, રેડ કોર્નર સિનેમા પાસે, લાઠી રોડ મઢુલી પાંઉભાજીની બાજુમાં તા.૨૨-૧૦-૨૪ થી ૨-૧૧-૨૪ સુધી ફટાકડાનું વેંચાણ કરાશે. આમાથી થતો નફો સમાજ સેવાનાં કાર્યોમાં થતો હોય જેથી અત્રેથી ફટાકડા લેવા અનુરોધ કરાયો છે. બકુલ ભટ્ટ, હર્ષદ વઘાસીયા, રજની ધોરાજીયા, કૌશિક હપાણી, જતીન સુખડીયા, જીતુ સોંડાગર, જતીન કોટડીયા, રાજેશ ઝાલાવાડીયા તથા અન્ય સદસ્યો મહેનત કરી રહ્યાં છે. સિનિયર સભ્યો રાજુભાઇ પરીખ, નનુભાઇ તળાવીયા, જે.ડી.સાવલીયા, ગોરધનભાઇ માદલીયા, પ્રકાશભાઇ સેંજળીયા તેમજ નવા સદસ્યશ્રીઓ આ સેવાયજ્ઞમાં સેવા આપી રહ્યાં છે.

### નેત્રચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ તથા દત્ત મંદિર ટ્રસ્ટ દ્વારા

# અમરેલીમાં આયુર્વેદિક નિદાન કેમ્પ યોજાયો

## વિનામુલ્યે નિદાન કેમ્પમાં દર્દીઓ ઉમટી પડયા : નિષ્ણાંત ડોકટરોની સેવા



અમરેલી, અમરેલીમાં શ્રી નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ તથા દત્ત મંદિર ટ્રસ્ટ અમરેલી દ્વારા વિના મુલ્યે આયુર્વેદ રોગ નિદાન અને સારવાર કેમ્પ તા. ૨૪-૧૦-૨૪ના રોજ સાંજે ૪ થી ૭ યોજાયો હતો. આ નિદાન કેમ્પમાં વિશાળ સંખ્યામાં દર્દીઓ ઉમટી પડયા હતાં. નિષ્ણાંત ડોકટરોએ નિદાન સારવાર કર્યુ હતું અને સંસ્થા દ્વારા દવા તથા સારવાર પણ દર્દીઓને વિના મુલ્યે આપવામાં આવી હતી.

### અતિવૃષ્ટિને કારણે ખેડુતોને નુકશાન થતા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા રજુઆત

# બાબરા તાલુકામાં ખેડુતોને પાક વળતર ચૂકવવાની માંગ સાથે વિરાટ રેલી યોજાઇ

## ભાજપ હાય હાયનાં સુત્રો સાથે ખેડુત આગેવાનો દ્વારા વિરાટ રેલી યોજાઇ : રોષભેર રજુઆત કરાઇ

## ઉધોગપતિઓના કરજ માફ કરનારી સરકાર ખેડુતો માટે નિર્દય બની છે : શ્રી વિરજી ઠુંમર





બાબરા, (દિપક કનૈયા) અમરેલી જિલ્લા ના બાબરા તાલુકા સહિત સમગ્ર જિલ્લા નો અતિવૃષ્ટિ સહાય પેકેજ માંથી બાદબાકી રહેતા તાલુકા કોંગ્રેસ સમિતિ અને તાલુકા આમ આદમી પાર્ટી દ્વારા સયુંકત રીતે શહેરમાં ભાજપ હાય હાય તેમજ ખેડુતો ને બરબાદ કર્યા ના સૂત્રોચાર સાથે ખેડુતો આગેવાનો ની વિશાળ રેલી બાબરા મામલતદાર કચેરી સુધી પૂર્વ સાંસદ વિરજીભાઇ ઠુંમર ની આગેવાની માં યોજી અને રાજ્યપાલશ્રી ને સંબોધી આવેદન પત્ર આપી ખેડુતો ની દયનીય પરિસ્થિતિ નો ચિતાર આપી ન્યાય આપવા દર્દ ભરી માંગ ઉઠાવી હતી. પત્ર માં જણાવ્યા મુજબ બાબરા તાલુકા ના ૫૮ ગામો માં છેલ્લા વરસાદ થી અતિવૃષ્ટિ સર્જાતા ખેતી પાકો સહિત જાનમાલ મિલકતો નું થયું છે ઓગસ્ટ માસ થી ચાલુ દિવસો સુધી કુદરતી આફત રૂપે વરસાદી પાણી પડતા ખેડુત ખેતી પેદાશો માં નુકશાન સાથે મોંઘભાવ ના ખાતર બિયારણો અને મહેનત ખર્ચ માથે પડ્યા છે વળી સરકાર દ્વારા જાહેર થયેલા પેકેજ માં અમરેલી ની બાદબાકી રાખી અને જાહેર થયેલા વિસ્તાર માં માત્ર ઓગસ્ટ માસ નુકશાન પેકેજ જાહેર કરતા ખેડૂતો નો ક્રૂર મજાક ઉડાવેલ હોવાનું ગણાવ્યું હતું. અતિવૃષ્ટિ થી થયેલા ખેડુત નુકશાન અને નાના વેપારી ના જાનમાલ નુકશાની નો સર્વે તાત્કાલિક કરી વળતર ચુકવવું જરૂરી હોવાનું કહ્યું હતું પત્રમાં સરકાર ના પદાધિકારી માત્ર સરકાર ની વાહવાહી અને ચાપલૂસી માં રત રહેવાથી બાબરા તાલુકા માં ત્રણ ત્રણ વર્ષ થી અન્યાય થતો આવે છે. વધુ માં તાલુકા લેવલે હાલ રેશનિંગ કાર્ડ માં કે.વાય.સી પ્રક્રિયા થઈ રહી છે પરંતુ દૂર વિસ્તાર ના ગામો થી ખેડુતો અને ગ્રામજનો તાલુકા લેવલે ધક્કા થતા હોવાથી સમય અને આર્થિક નુકશાન ભોગવવું પડે છે જેથી આવી પ્રક્રિયા ગ્રામ્યસ્તરે આટોપવા માટે માંગ છે. હાલ નવી રવિ ફસલ પાક માટે ખાતર બિયારણ ની તંગી ના પડે તે માટે તાલુકા અને ગ્રામ્ય લેવલે સહકારી મંડળી મારફત ખાતર બિયારણ ની વ્યવસ્થા ઉભી કરવા પણ માંગ ઉઠાવી હતી. ઉપસ્થિત પૂર્વ સાંસદ પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર દ્વારા પોતાના સંબોધન માં કેન્દ્ર અને ગુજરાત ની ભાજપ સરકાર ને લેતા જણાવ્યું હતું કે માટે ઉદ્યોગકારો ના કર્જ માફ કરનારી સરકાર દયાહીન બની છે, ખેડુતો ની જણસ ના પુરતા ભાવો નથી મળતા, વીજ કનેકશનો આપવા માં ગોકળગતી, રોડ રસ્તા ના પડતર કામો, તેમજ શાળા માં ઘટતા શિક્ષક સ્ટાફ ગ્રામ્ય સ્તરે પરિવહન માટે એસ.ટી. રૂટો બંધ, મોંઘા બનતા શિક્ષણ તાલુકા ગ્રામ્ય સ્તરે અપૂરતી હેલ્થ સુવિધા હોસ્પિટલો માં તબીબો ની ઘટ જેવા અનેક પ્રશ્ન થી જનતા હેરાન છે ત્યારે કુંભકર્ણ નિંદ્રા માં પોઢેલી સરકાર જાગે નહિતર જનજન માં પ્રગટ થતો રોષ આવનારા સમય માં દાવાનળ બનશે તેમ જણાવ્યું હતું. તાલુકા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ના પ્રમુખો જસમતભાઈ ચોવટિયા, કૌશિકભાઈ ભરાડ સહિત બાવાલાલ હિરપરા વિવેકભાઈ સાકરિયા, રાજુભાઈ ખાત્રોજા સાથે ઉપરાંત ખેડુત આગેવાનો સરપંચો પૂર્વ સરપંચો શહેર આગેવાનો સૂત્રોચાર રેલી અને આવેદન આપવા ઉપસ્થિત રહ્યા હતા.

### નવા વર્ષના મંગલ પ્રારંભે


# અકાળામાં શ્રીમદ ભાગવત સપ્તાહ યોજાશે

## તા. 3-૧૧થી કથા પ્રારંભ અને ૯-૧૧ના પુર્ણાહુતિ કરાશે

અમરેલી, લાઠી તાલુકાના અકાળા ગામે નવા વર્ષના મંગલપ્રારંભમાં ભાઈબીજથી તા. ૩-૧૧-૨૪ રવિવારથી તા. ૯-૧૧-૨૪ શનિવાર સુધી અમરેલીના જાણીતા ડોકટર અને મુળ અકાળાના રહેવાસી ડો. ચંદ્રેશભાઈ ખુંટ દ્વારા પોતાના પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરેલ છે. કથાની વ્યાસપીઠ ઉપર મુળ અકાળા હાલ અમરેલીના શાસ્ત્રી ચિંતનભાઈ પંડયા સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે. કથા દરમ્યાન નૃસિંહ જન્મ, વામન જન્મ, રામજન્મ,, કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધનપુજા, ઋક્ષ્મણી વિવાહ જેવા પ્રસંગો ધામધુમપુર્વક ઉજવાશે. કથા માટે સમગ્ર અકાળા ગામમાં આનંદનો માહોલ છવાયો છે. અને ખુંટ પરીવાર દ્વારા કથાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# પુ. શ્રી મોરારિબાપુ દ્વારા કથા વંદના સાથે રાષ્ટ્રભૂમિને થતી પ્રથમ વંદના

## દરેક રામકથામાં ફરકતો રહે છે તિરંગો ધ્વજ



રાજુલા, (કનભાઈ વરૂ)

રામકથા ગાન દ્વારા સામાજિક સમરસતા સાથે રાષ્ટ્રીય પ્રેમ માટે શ્રી મોરારિબાપુ પ્રેરક કથા પ્રસંગો અને સંદેશાઓ અને સમાજને આપતાં રહ્યાં છે. શ્રી મોરારિબાપુ દ્વારા કથા વંદના સાથે રાષ્ટ્રભૂમિને પ્રથમ વંદના થતી રહી છે. આપણે જાણીએ છીએ કે, ધાર્મિક આયોજનો કે ઉત્સવોમાં ધજા પતાકા ફરકાવતા હોય છે, પણ તે તેમના ધર્મ કે સંપ્રદાય સાથેના પ્રતીકો અને તેવા ભગવા સફેદ કે કાલા લીલા વગેરે રંગોમાં હોય છે, પણ સ્વાભાવિક છે. પરંતુ, શ્રી મોરારિબાપુ દ્વારા થયેલાં નિર્ણય મુજબ કથા મંડપના પ્રવેશ ભાગ ઉપર સૌથી પહેલા રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવે છે. કથા વંદના સાથે આ રીતે રાષ્ટ્રભૂમિને પ્રથમ વંદના થતી રહી છે. મહુવા પાસેનાં કાકીડી ગામે ચાલતી રામકથામાં પ્રવેશ પાસે જ વિશાળ તિરંગો ફરકી રહ્યો છે. શ્રી મોરારિબાપુનાં વ્યાસાસને રામકથાનાં પહેલાં દિવસે જ કથા આયોજકો, કાર્યકર્તાઓ દ્વારા રાષ્ટ્રગીત સાથે ધ્વજ વંદના કરવામાં આવે છે. દરેક રામકથાના પ્રારંભે રાષ્ટ્ર ધ્વજ તિરંગો ફરકતો ફરકતો રાષ્ટ્રધર્મનો મહિમા દર્શાવી જાય છે. રામકથામાં પણ શ્રી મોરારિબાપુ ભારત માતાના ગૌરવને ભૂલતા નથી. રાષ્ટ્રપ્રેમ, ગાંધી મૂલ્યો સાથે ભારતીય સંસ્કૃતિ માટે સતત પ્રહરી રહ્યા પોથીજી સાથેના વસ્ત્રો પણ ખાદીના જ રાખે છે. માત્ર ધર્મ કે સંપ્રદાયવાદ નહિ પણ રાષ્ટ્ર સાથે વૈશ્વિક ભાવના સાથેની રામકથા એટલે જ સનાતન રાષ્ટ્રની રાષ્ટ્રકથા, વિશ્વકથા અને માનવકથા લાગી રહી છે. બસ, સનાતન રાષ્ટ્રનો તિરંગો રાષ્ટ્રધ્વજ વિશ્વ વિજયી જ છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

મગનભાઈ મંજીભાઈ વાઘેલા (ઉ.વ.૯૦) તે ગુણવંતભાઈ મગનભાઈ વાઘેલા તથા સંજયભાઈ મગનભાઈ વાઘેલા ના ભાઈ અને ગુણવંતભાઈ વાઘેલા અને આકાશભાઈ ગુણવંતભાઈ વાઘેલા ના દાદા નું તાઃ ૨૪/૧૦/૨૪ ને ગુરુવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તાઃ ૨૬/૧૦/૨૪ ને શનિવાર ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને હોથીભાઈ ની શેરી હનુમાનજી મંદિર સામે 'શ્રી ગુરુ હરિ' સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**અમરેલી**

શ્રી કિશોરચંદ્ર પ્રભાશંકર ભટ્ટ ઉ.વ.૮૯ રે.અમરેલી જે કિર્તિકુમાર (સુદર્શન નેત્રાલય), પ્રતિમાબેન હસમુખરાય દેસાઇ (તળાજા), સ્વ.હિતેન્દ્રભાઈ તથા રાજેન્દ્રપ્રસાદ (કૃપા ફાયર સેફ્ટી) નાં પિતાશ્રી તથા લાલબહાદુર, દેવેન્દ્ર, ચિરાગ, ઓમકાર, વૈશાખી રાજ મહેતા તથા જાહ્નવીનાં દાદા તા. ૨૪-૧૦-૨૦૨૪ ગુરૂવારનાં સ્વર્ગવાસ થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૨૬-૧૦-૨૦૨૪ શનિવારે સાંજે ૪ થી ૬ સંઘવી ધર્મશાળા હોલ સ્ટેશન રોડ અમરેલી ખાતે રાખવામાં આવેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

### સેવાભાવી સંસ્થા ગાયત્રી પરિવારના મોભી ડો. રતિદાદાના માર્ગદર્શન નીચે

# ચલાલામાં જરૂરિયાતમંદ બાળકોને મીઠાઇ તેમજ ફટાકડાનું વિતરણ

## દિવાળીનાં પર્વ નિમિતે મિઠાઇ અને ફટાકડા સાથે આશિર્વાદ આપ્યાં



ચલાલા, (પ્રકાશ કારીયા) યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ચલાલા ખાતે પુ. શ્રી.ડો. રતિદાદા દ્વારા જરૂરિયાત મંદ બાળકો અને ને મીઠાઈ તથા ફટાકડા વિતરણ કરાયા હતાં. માનવસેવા અને લોકસેવા ના કલ્યાણકારી કાર્યોની અવિરત ધારા વહેવડાવતી ભાગીરથી રૂપી સંસ્થા ચલાલા અને આજુ-બાજુના વિસ્તારમાં માટે આશીર્વાદ રૂપ એવા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા જરૂરિયાતમંદ બાળકો અને દીકરીઓ ને મીઠાઈ તથા ફટાકડા વિતરણ કરવામાં આવ્યા હતા. પુ.શ્રી.ડો. રતિદાદા એ હતું કે આવા સેવાકાર્યમાં દાતાઓનો સહયોગ ખુબ અગત્યનો છે. ઉર્મિલાબેન અરુણભાઈ રૂપારેલીયા - યુ. કે. તરફથી સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સેવાકીય કાર્ય શ્રી બધા બાળકો અને દીકરીઓ ખુબ જ ખુશ થયા હતા. અને અંતર ના આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, મંજુબા, મહેતાએ જહેમત ઉઠાવી હતી.

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જુનાગઢ સંચાલિત

# અમરેલી કૃષિ યુનિ. માં સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષય ઉપર તાલીમ બાદ સર્ટિફીકેટ વિતરણ કરાયા

## ૧૫ દિવસીય તાલીમ પુરી કરનારને સંસ્થા દ્વારા સર્ટીફીકેટ વિતરણ



અમરેલી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ એટલે કે સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષય ઉપર પંદર દિવસીય સર્ટિફિકેટ તાલીમ ઈનપુટ ડીલર મિત્રો માટે તા.૩૦/૦૯/૨૦૨૪થી ૧૫/૧૦/૨૦૨૪ સુધી આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિવિધ એગ્રો અને મંડળીઓના તાલીમાર્થીઓને સર્ટિફિકેટ વિતરણનું કાર્યક્રમ આજ રોજ તા. ૨૫/૧૦/૨૦૨૪ ના રોજ આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટી માન. વિસ્તરણ શિક્ષણ એન.બી. જાદવ સાહેબ કેવીકે, અમરેલી ખાતે હાજર રહી અને તાલીમાર્થીઓને સર્ટીફિકેટ આપ્યા હતા અને વેપારી મિત્રોને એ પણ જણાવ્યુ હતું કે ખેડૂતો દરેક પાકમાં ભલામણ પ્રમાણે માટી પરીક્ષણને આધારે યોગ્ય બધાજ ખાતરોનો ઉપયોગ કરે સાથે જૈવિક ખાતરો અને સુક્ષ્મ તત્વોનો પણ ઉપયોગ કરતાં થાય તથા ખેતીમાં ઓછા ખર્ચે વધુ આવક તેવી આશા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડો. એચ. સી. છોડવડિયા, બગસરા એગ્રો. એસોસિયેસન પ્રમુખ, શ્રી જયસુખભાઈ ઘાડિયા, અમરેલી એગ્રો. એસોસિયેસન પ્રમુખ, શ્રી કે. બી. ગોંડલિયા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. પી. જે. પ્રજાપતિ તથા કેવીકેના વૈજ્ઞાનિકો ડો. પ્રીતિબેન જયસ્વાલ અને શ્રી એન. એમ. કાછડિયા દ્વારા આ ગોઠવણ કરવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં કુલ ૬૫ જેટલા ડીલર્સ તાલીમાર્થીઓ એ સફળતાપૂર્વક ભાગ લઈ સર્ટિફિકેટ મેળવ્યા હતાં.

